Vishv UMIYA Foundation

વાર્ષિક અહેવાલ
&
ઓડિટ રિપોર્ટ

સને 2025 - 2026



વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

ISO 9001 CERTIFIED QUALITY MANAGEMENT SYSTEM - QMS VISHV UMIYA FOUNDATION - AHMEDABAD

વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર
જગતજનની શ્રી ઉમિયા માતાજી મંદિરની વિશેષતાઓ - સુવિધાઓ

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ એવું મા ઉમિયાનું વિશ્વનું સૌથી ઊંચું રમ્ય, ભવ્ય અને દિવ્ય દેદીપ્યમાન મંદિર

- જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી ઊંચું મંદિર
  મા ઉમિયાની બેઠક - જમીનથી ૫૧ ફૂટ ઉપર
- મંદિરમાં દર્શન માટે
  ૪૧૪ x ૪૧૪ ફૂટનો ફ્લોર
- મંદિરનું નિર્માણ ૧૫૫૧ ધર્મસ્તંભ (પાઈલ્સ) અને
  ૮ ફૂટ ઉંચાઈ સાથે થતા રાફ્ટ ઉપર બાંધકામ
- મંદિર નિર્માણમાં ૬૦ હજાર મેટ્રીક ટન સિમેન્ટ
  ૧.૫ લાખ ઘનમીટર કોંક્રિટ, ૩૬.૫ હજાર મેટ્રીક ટન લોખંડ
  ૧૧,૫૦૦ મેટ્રીક ટન સ્ટીલનો ઉપયોગ
- દેવોના દેવ મહાદેવનું વિશાળ શિવલિંગ,
  ગણપતિ દાદા તથા હનુમાનજીના મંદિરનું નિર્માણ.
- ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી
  વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની સુવિધા
- સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.
  સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબ ગર્ભગૃહનું બાંધકામ.
- મંદિરમાં એકી સાથે પાંચ હજાર ભક્તો
  દર્શન કરી શકે તેવી સુવિધા
- ૯૦ x ૯૦ ફૂટનું વિશ્વનું સૌથી મોટું શ્રીયંત્રનું નિર્માણ
- મા ઉમિયાના દર્શન માટે
  એસ્કેલેટર / ટ્રાવેલેટરની સુવિધા
- મંદિરમાં ૫૧ શક્તિપીઠ - ૧૨ જ્યોર્તિલિંગનું સ્થાપન
- મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર AC સત્સંગ હોલ
- મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન
- પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ
- સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર
- બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા
- અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર
- પરિસરમાં યાત્રીઓ માટે
  રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા

વિશ્વ ઉમિયાધામ સંકુલ - કેરિયર ડેવલપમેન્ટ, સ્કિલ યુનિવર્સિટી, રોજગાર ભવન, પ્રિ-પોસ્ટ મેડિકલ સેન્ટર,
સાંસ્કૃતિક ભવન, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, કન્યા અને કુમાર હોસ્ટેલ, વર્કિંગ વુમન હોસ્ટેલ,
અતિથિ ગૃહ અને સામાજિક સંગઠન ભવન.

વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે
અલગ - અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે.

॥ શ્રી ઉમિયા માતાયૈ નમઃ ॥



શ્રી ઉમિયા માતાજીની આરતી

સોને કી છડી રૂપે કી મશાલ, જરીયનના જામાવાળી, મોતીયનની માળાવાળી, શીર પર મુગટધારી,
નંદીપર શોભે સવારી, વિશ્વ ઉમિયાધામવાળી, ઉગમણા દ્વારવાળી, તારકાસુરને મારનારી,
સૌ ભક્તોને તારનારી, નવખંડ નારાયણી, નવદુર્ગા મા ઉમા મહેશ્વરી, ભોળી ભવાની,
તેત્રીસ કરોડ દેવ દેવતાની દેવી, રાજમાતા રાજ રાજેશ્વરી શ્રી ઉમિયા માતાજીને ઘણી ખમ્મા,
શ્રી ઉમિયા માતાજીને ઘણી ખમ્મા...શ્રી ઉમિયા માતાજીને ઘણી ખમ્મા.

૧. જય ઉમિયા માતા, મૈયા જય ઉમિયા માતા
આરતી પ્રેમે ઉતારું, ઉમંગ આણીને.... ૐ જય ઉમિયા માતા.

૨. જગ જનની તું ઉમિયા, ગીતા ગાયત્રી.... (૨) મા...
તું અંબા ને બહુચર, તું છે સાવિત્રી.... ૐ જય ઉમિયા માતા.

૩. ભક્તિ કરતાં તારી, આનંદ મંગલ થાય.... (૨) મા...
શરણે આવતાં તારાં, સૌ કોઈ પાવન થાય... ૐ જય ઉમિયા માતા.

૪. મહા સુદ ને પાંચમે, પ્રગટ્યાં ઉમિયા મા... (૨) મા...
દુઃખો અમ દૂર કરવા, અવની ઉતરિયાં.... ૐ જય ઉમિયા માતા.

૫. દેવી છે તું જગની, તું અમ તારણહાર.... (૨) મા...
નારાયણી – નવદૂર્ગા, તું કલ્યાણી મા.... ૐ જય ઉમિયા માતા.

૬. તું રમ્ય ને ભવ્ય, દિવ્ય સ્વરૂપા મા.... (૨) મા...
સત્ય – શિવ ને સુંદર, તું અન્નપૂર્ણા મા.... ૐ જય ઉમિયા માતા.

૭. શૈલસુતા હે પાર્વતી તું, પૃથ્વી પાવની... (૨) મા...
સકલ સૃષ્ટિ ભવાની, વરદાયિની મા.... ૐ જય ઉમિયા માતા.

૮. નવખંડ ધરતીમાં, તારા પાદ પૂજાય... (૨) મા...
સૌ સંતાનો તારા, ધરતીપુત્રો તારા, વંદીએ વારંવાર... ૐ જય ઉમિયા માતા.

૯. વિશ્વ ઉમિયાધામે તારી આરતી થાય... (૨) મા..
ખમ્મા ખમ્મા કહેતા, આનંદ મંગલ થાય.... ૐ જય ઉમિયા માતા.

૧૦. ઉમિયા માની આરતી જે કોઈ ગાશે, મા જે ભાવે ગાશે...
સુખ, શાંતિ ને સંપત્તિ, હર કૈલાશે જાશે,
માં અંબા દુઃખ હરશે... મા ઉમિયા દુઃખ હરશે... ૐ જય ઉમિયા માતા...(૫)



આર. પી. પટેલ
પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી

સંસ્થાની પ્રેરક વિચારધારા અંતર્ગત પ્રમુખશ્રીના હૃદયસ્પર્શી વિચારો...

આદરણીય ટ્રસ્ટીશ્રીઓ - દાતાશ્રીઓ - મિત્રો તેમજ મારા આત્મીય બંધુ - ભગિનીઓ

સર્વેને મારા જય ઉમિયા !!!

મિત્રો ! વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથેની મારી આ યાત્રામાં અનેક વિચારો, અનુભવો અને સંકલ્પો સતત મનમાં આકાર લેતા રહ્યા છે. સંસ્થા માત્ર પ્રવૃત્તિઓ કરે એટલું જ નહીં, પરંતુ સમાજના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે એ મારી હંમેશાંની ભાવના રહી છે. આ અંતર્ગત મારા કેટલાક હૃદયના વિચારો આપ સૌ સમક્ષ રજૂ કરું છું.

- **આધ્યાત્મિક ચેતના - જીવન પરિવર્તનનું પ્રથમ પગથિયું :** આધ્યાત્મિકતા એટલે માત્ર પૂજા-પાઠ કે ધાર્મિક વિધિ નહીં, પરંતુ પોતાની અંદરની શક્તિને ઓળખવાની અને પોતાના જીવનના સાચા ઉદ્દેશને સમજવાની પ્રક્રિયા છે. યોગ, ધ્યાન, જપ, તપ, ચિંતન અને આત્મમંથન દ્વારા વ્યક્તિ પોતાના મનને શાંત અને વિચારોને સકારાત્મક બનાવી શકે છે, જ્યારે વ્યક્તિ પોતાની અંદર રહેલી શક્તિને ઓળખે છે ત્યારે તેના જીવનમાં પરિવર્તન આવે છે. વ્યક્તિ બદલાય છે તો પરિવાર બદલાય છે, પરિવાર બદલાય છે તો સમાજ બદલાય છે અને સમાજ બદલાય છે ત્યારે રાષ્ટ્રની ચેતના જાગૃત થાય છે. આથી જ "આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના" મારા માટે માત્ર વિચાર નથી, પરંતુ જીવન અને સંસ્થાકીય કાર્યની એક દિશા છે.
- **સનાતન ધર્મ - આપણી ઓળખ અને આપણી જવાબદારી :** સનાતન ધર્મ પ્રત્યે મને હંમેશાં ગૌરવની લાગણી રહી છે. સનાતન માત્ર ધર્મ નથી, પરંતુ જીવન જીવવાની એવી શાશ્વત પદ્ધતિ છે, જેમાં સત્ય, કર્તવ્ય, સેવા, કરુણા, સંયમ અને સહઅસ્તિત્વ જેવા મૂલ્યોનો સમાવેશ થાય છે. આપણી સંસ્કૃતિએ આપણને "વસુધૈવ કુટુંબકમ્" અને "સર્વે ભવન્તુ સુખિનઃ" જેવી વિશ્વ કલ્યાણની ભાવના આપી છે, ત્યારે આ અમૂલ્ય વારસો આપણી આવનારી નવી પેઢી આધુનિકતાની સાથે પોતાના મૂળ, સંસ્કાર અને સનાતન મૂલ્યો સાથે મજબૂતીથી જોડાય તે આપણી સૌની જવાબદારી છે.
- **રાષ્ટ્ર ચેતના - કર્તવ્યથી રાષ્ટ્ર નિર્માણ :** સાચો રાષ્ટ્રપ્રેમ માત્ર દેશ પ્રત્યેની લાગણી વ્યક્ત કરવામાં નથી, પરંતુ પોતાનું કર્તવ્ય પ્રામાણિકતાથી નિભાવવામાં છે. આપણે કાયદાનું પાલન, પર્યાવરણનું રક્ષણ કરીએ, જાહેર સંપત્તિની કાળજી રાખીએ, સ્વચ્છતા જાળવીએ, જરૂરિયાતમંદની મદદ કરીએ અને દેશના વિકાસમાં પોતાની ક્ષમતા મુજબ યોગદાન આપીએ, આ બધું જ રાષ્ટ્રસેવાનું સ્વરૂપ છે, જ્યારે દરેક વ્યક્તિ પોતાના કર્તવ્યને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી માનીને નિભાવે ત્યારે સાચી રાષ્ટ્ર ચેતનાનો જન્મ થાય છે.
- **વિશ્વ ઉમિયાધામ - આપણી શ્રધ્ધા અને આપણો સંકલ્પ :** વિશ્વ ઉમિયાધામનું નિર્માણ આપણા માટે માત્ર મંદિર નિર્માણનું કાર્ય નથી. આ તો મા ઉમિયાની પ્રત્યેની આપણી શ્રધ્ધા, સનાતન સંસ્કૃતિ પ્રત્યેનું આપણું ગૌરવ અને સમાજને એકતાના સૂત્રમાં બાંધવાનો આપણો સંકલ્પ છે. આપણી ભાવના છે કે વિશ્વ ઉમિયાધામમાં આવનાર દરેક દર્શનાર્થીને માત્ર આધ્યાત્મિક શાંતિ જ નહીં, પરંતુ જીવનમાં કંઈક સારું કરવાની પ્રેરણા પણ મળે. આ ધામ આસ્થા, સંસ્કાર, સેવા-આધ્યાત્મિક સાથે રાષ્ટ્ર ભાવનાનું કેન્દ્ર બને એ જ આપણું સ્વપ્ન છે.
- **મહિલા સશક્તિકરણ - શક્તિનું સાચું સન્માન :** મહિલા સશક્તિકરણ વિના સમાજની સંપૂર્ણ પ્રગતિની કલ્પના કરી શકાય નહીં. મહિલા માત્ર પરિવારની સંભાળ રાખતી વ્યક્તિ નથી, તે પરિવારના સંસ્કારોનું ઘડતર કરનારી અને આવનારી પેઢીનું ભવિષ્ય ઘડનારી શક્તિ છે. આપણી દિકરીઓ અને બહેનોને શિક્ષણ, સ્વાવલંબન, કૌશલ્ય અને નેતૃત્વની પૂરી તકો મળે, તેઓ પોતાના સામર્થ્યને ઓળખે અને સમાજના દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધે. એક સશક્ત મહિલા માત્ર પોતાનું જીવન નથી બદલતી; તે આખા પરિવાર અને એક પેઢીનું ભવિષ્ય બદલી શકે છે.
- **યુવા સશક્તિકરણ - આવતીકાલનું ભવિષ્ય :** આજનો યુવાન માત્ર આવતીકાલનો નાગરિક નથી; આજનો યુવાન જ આવતીકાલના ભારતનો શિલ્પી છે. યુવાનોમાં અદ્‌ભૂત ઊર્જા, પ્રતિભા અને નવીનતા છે. આ શક્તિને યોગ્ય દિશા આપવી એ આપણી જવાબદારી છે. શિક્ષણ, કારકીર્દિ, માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, કૌશલ્ય વિકાસ, રમતગમત, ટેક્નોલોજી અને ઉદ્યોગ સાહસિકતા જેવા ક્ષેત્રોમાં યુવાનોને આગળ વધવાની તકો મળવી જોઈએ, પરંતુ મારી દૃષ્ટિએ માત્ર સફળ યુવાન પૂરતો નથી; સંસ્કારી, જવાબદાર અને રાષ્ટ્રપ્રેમી યુવાન તૈયાર કરવો એ આપણું સાચું ધ્યેય હોવું જોઈએ.
- **શિક્ષણ ભવિષ્ય ઘડવાનું સાધન :** શિક્ષણ એ વ્યક્તિના જીવનમાં સૌથી મોટું પરિવર્તન લાવી શકે છે, પરંતુ શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવા માટે ન હોવું જોઈએ. આપણા બાળકો અને યુવાનોને એવું શિક્ષણ મળે જેમાં જ્ઞાન સાથે વિવેક, સફળતા સાથે સંસ્કાર અને કારકીર્દિ સાથે કર્તવ્યની ભાવના વિકસે. એક શિક્ષિત અને સંસ્કારી પેઢીનું નિર્માણ એ જ સમાજની સૌથી મોટી સંપત્તિ છે.

પત્ર નં-VUF/Oth./2026/213

Dt. 02 / 09 /2026

વાર્ષિક સાધારણ સભા

જય ઉમિયા !!!

સંસ્થાના સર્વે દાતાટ્રસ્ટીશ્રીઓ, આજીવન સભ્યશ્રીઓ તેમજ શુભેચ્છક સભ્યશ્રીઓને સવિનય જણાવવાનું કે સંસ્થાની વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને નીચે જણાવેલ વિગતે એજન્ડાના કામો સારૂ રાખવામાં આવેલ છે. જેમાં આપશ્રીની ઉપસ્થિતિ આવશ્યક હોઈ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

તા. ૨૭-૦૯-૨૦૨૬, રવિવાર સમય : સવારે ૧૦-૦૦ કલાકે

સ્થળ : વિશ્વ ઉમિયાધામ - જાસપુર રોડ, વૈષ્ણોદેવી મંદિર સામે, અમદાવાદ

(ભોજન-પ્રસાદ સાથે લઈશું)

એજન્ડા

૧. વર્ષ દરમિયાન અક્ષર નિવાસ પામેલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી / પરિવારજનને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ.

૨. ગત મીટિંગની કાર્યવાહી વંચાણે લેવા બાબત.

૩. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નો વાર્ષિક અહેવાલ તેમજ ઓડિટેડ હિસાબો વંચાણે લેવા બાબત.

૪. મંદિર નિર્માણ અંતર્ગત પ્રોજેક્ટ પ્લાનિંગ - ડેવલપમેન્ટ કમિટીનો અહેવાલ.

૫. અગાઉ નોંધાયેલ દાનની ઉઘરાણી તેમજ મંદિર બાંધકામ અંતર્ગત ઇંટદાન અભિયાન.

૬. સંસ્થાના બિઝનેસ પ્લેટફોર્મ - Vibes, VBN, Vibos ની વિગતે માહિતી.

૭. સંસ્થા દ્વારા I.A.R. ગાંધીનગર સાથે શરૂ કરેલ B.A. પબ્લિક એડમીનીસ્ટ્રેશન ડિગ્રી કોર્ષની વિગતે માહિતી.

૮. સંસ્થાના વિવિધ પેટા કાર્યાલયોની વિગતે માહિતી.

૯. સંસ્થાની વિવિધ યોજનાઓ તેમજ આગામી કાર્યક્રમોના આયોજન બાબતે.

૧૦. સામાજિક / મહિલા / યુવા / યુવા-મહિલા / ૧૦૮ સંગઠન / રથ પરિભ્રમણ અંતર્ગત થયેલ કામગીરીની વિગતે માહિતી.

૧૧. સુવર્ણ તથા રજત દાનની વિગતે માહિતી.

૧૨. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે

રૂપેશભાઈ બી. પટેલ
મહામંત્રી

નોંધ :

- કોરમના અભાવે મુલત્વી રહેલ મીટિંગ અડધા કલાક પછી મળશે અને એજન્ડા મુજબ કામગીરી કરશે.
- સભામાં ઉપસ્થિત રહેનાર સભ્યશ્રીઓએ વાર્ષિક અહેવાલ સાથે લાવવા વિનંતી છે.
- વર્ષ ૨૦૨૫-૨૬ ના ઓડિટેડ હિસાબો અંતર્ગત કોઈ પ્રશ્ન હોય તો તા. ૨૦-૦૯-૨૦૨૬ સુધીમાં લેખિતમાં કાર્યાલય ઉપર મોકલવાના રહેશે.
- સભ્યશ્રીઓના સરનામા - મોબાઈલ નંબરમાં ફેરફાર થયેલ હોય તો કાર્યાલયમાં લેખિતમાં જાણ કરવા વિનંતી છે.

પ્રમુખશ્રીનું આભાર નિવેદન

મિત્રો, નમસ્કાર !

જય ઉમિયા !!!

વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલ કામગીરીમાં સંસ્થાના સર્વે હોદેદારશ્રીઓ, દાતાશ્રીઓ, સંગઠનની વિવિધ પાંખ તેમજ વિવિધ કમિટીઓના હોદ્દેદારશ્રીઓ, સમયદાતાશ્રીઓ તેમજ સર્વે ઉમાસેવકોના પ્રેમ, લાગણી, સેવા અને સમર્પણના ભાવ સાથેના સહયોગથી સંસ્થાએ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે તે માટે હું સર્વ પ્રત્યે ગૌરવની લાગણી અનુભવું છું.

ખાસ કરીને મારા વડીલ, માર્ગદર્શક અને સંસ્થાના ઉપપ્રમુખશ્રી પ્રહ્લાદભાઈ એ. પટેલ (કામેશ્વર), ખજાનચીશ્રી કાંતિભાઈ એન. પટેલ (રામ), મહામંત્રીશ્રી રૂપેશભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી દિપકભાઈ એમ. પટેલ, શ્રી ડી. એન. ગોલ, શ્રી વાડીભાઈ પી. પટેલ, શ્રી નવિનભાઈ એમ. પટેલ, શ્રી અજીતભાઈ એન. પટેલ, શ્રી વી. પી. પટેલ (USA), મંત્રીશ્રી દામોદરભાઈ બી. ભાવાણી, શ્રી ત્રંબકભાઈ ફેફર તેમજ સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓએ તમામ કાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપેલ તે બદલ હું દિલથી આભાર માનું છું.

મંદિર બાંધકામ ઉપરાંત સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને યુવા તેમજ મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને રહી છે. ઉમા શિક્ષણ સહાય યોજના અંતર્ગત સહયોગી બનેલ સંસ્થાઓ સમાજ માટે પ્રેરણારૂપ બની છે. વિશેષ કરીને પારૂલ યુનિવર્સિટી - વડોદરા, સાંકળચંદ યુનિવર્સિટી - વિસનગર, કડી સર્વ વિદ્યાલય - કડી, સિલ્વર ઓક યુનિ. - અમદાવાદ, ગ્લોબલ યુનિ., સ્વામિનારાયણ યુનિ., સ્ટાર્ટપ સ્વર્ણિમ યુનિ., કે. એન. યુનિ., અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી તેમજ અન્ય સંલગ્ન કોલેજોના ચેરમેન / સંચાલકોની ઉદાત્ત ભાવનાને હું વંદન કરું છું અને આ કાર્યમાં જવાબદારી સાથે સહયોગી થનાર ડો. રૂપલબેન પટેલ, શ્રીમતી મિનાક્ષીબેન પટેલ તેમજ તેમની સમગ્ર ટીમને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવું છું.

આ ઉપરાંત કેરિયર ડેવલપમેન્ટ અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ વર્ગના સંચાલન માટેની જવાબદારી સંભાળતી VUFICS કમિટીના ચેરમેનશ્રી એસ. કે. પટેલ, શ્રી દેવાંગભાઈ દવે અને શ્રી કુલદીપ પટેલે કરેલ કામગીરીને અભિનંદન સાથે બિરદાવું છું. આ ઉપરાંત ધોરણ-૧૨ પછી UPSC / GPSC ની તૈયારી, કોલેજના સમયગાળા દરમિયાન જ થઈ શકે તે પ્રકારના કોર્ષનું આયોજન I.A.R. યુનિવર્સિટી - ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ, જેમાં પ્રથમ વર્ષે ૨૮ જેટલાં વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ છે અને હવે પછીના વર્ષમાં ૫૫ થી વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ છે, જે કોર્ષની સફળતા દર્શાવે છે.

યુવાનોને બિઝનેસ પ્લેટફોર્મ થકી સમાજ અને સંસ્થા સાથે કનેક્ટ કરવા શરૂ કરેલ VIBES (Vishv Umiya Business Enterpreneour & Social Network) વાઈબ્સના ૨૦ થી વધુ ચેપ્ટર હાલમાં શરૂ થઈ ગયેલ છે. મતલબ કે ૧૦૦૦ થી વધારે યુવા ઉદ્યોગ સાહસિકો બિઝનેસના પ્લેટફોર્મ થકી સંસ્થા સાથે જોડાયા છે. આ માટે VIBESના મેન્ટરશ્રી ડો. ભગીરથભાઈ કે. પટેલ, કોર ટીમના ચેરમેનશ્રી આકાશ વડાલિયા, શ્રી મયુર પટેલ અને શ્રી સાગર પટેલ તથા તેમની ટીમને અભિનંદન પાઠવું છું.

આ ઉપરાંત ૨૫ હજારથી વધારે યુવાનોની ઉપસ્થિતિમાં ૫ લાખ યુવા ઉદ્યોગ સાહસિકોને બિઝનેસના એક પ્લેટફોર્મ પર લાવી શકાય તે પ્રકારની મલ્ટી પર્પઝ બિઝનેસ નેટવર્ક એપ્લિકેશન (VBN) નો ભારતના માન. ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબના વરદ્હસ્તે ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શુભારંભ કરીને સંસ્થાએ એક નવી જ પહેલ કરી છે. આ માટે યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સુરેશભાઈ કે. પટેલ અને તેમની સમગ્ર ટીમે જે જવાબદારી નિભાવી છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના ભાગરૂપે મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ અને તે અંતર્ગત દાન નોંધણીનું કાર્ય વિવિધ જીલ્લા - તાલુકાઓમાં કરાવીને સામાજિક સંગઠનની ટીમે ઉત્તમ કાર્ય કરેલ

છે. આ ઉપરાંત વિવિધ જીલ્લા - તાલુકાઓમાં કાર્યરત સામાજિક / મહિલા / યુવા / યુવા-મહિલા / ૧૦૮ સંગઠનના સર્વે હોદ્દેદારશ્રીઓ અને તેમની સમગ્ર ટીમે રાત - દિવસ કરેલ કામગીરીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ માટે નેતૃત્વની જવાબદારી સંભાળતાં સામાજિક સંગઠનના ચેરમેનશ્રી ડી. એન. ગોલ, કો.ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ, મહિલા સંગઠનના ચેરપર્સનશ્રી ડો. રૂપલબેન પટેલ, મહામંત્રીશ્રી ગિરાબેન પટેલ, યુવા સંગઠન ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ, મહામંત્રીશ્રી સુરેશભાઈ પટેલ, ૧૦૮ ટીમના ચેરમેનશ્રી કેતનભાઈ પટેલ, મહામંત્રીશ્રી બ્રિજેશ પટેલ, યુવા મહિલા સંગઠનના પ્રભારીશ્રી શશીબેન એસ. પટેલ તથા સમગ્ર ટીમે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ થકી સક્રિય અને સમર્પિત ભાવનાને વરેલા સંગઠનના કાર્યકરોના કારણે સંસ્થા છેવાડાના ગામ સુધી મદદરૂપ થવામાં સફળ રહી છે. સંગઠનના તમામ મિત્રોએ એકબીજાના પૂરક થઈને વર્ષ દરમિયાન ખૂબ જ સુંદર કામગીરી કરેલ છે તે માટે દરેકને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સમાજના જે પરિવારો વિવિધ પ્રશ્નોને લઈને હેરાન-પરેશાન છે તેવા પરિવારોને તેમની મુશ્કેલીમાં મદદરૂપ થવા ૧૦૮ ની ટીમ દ્વારા જે કામગીરી કરવામાં આવેલ છે તે સર્વેને અભિનંદન પાઠવું છું અને આ માટેની જવાબદારી નિભાવતાં ૧૦૮ કમિટીના ચેરમેનશ્રી કેતનભાઈ પટેલ અને મહામંત્રીશ્રી બ્રિજેશભાઈ પટેલને અભિનંદન પાઠવું છું.

સંસ્થાની પ્લાનિંગ એન્ડ પ્રોજેક્ટ ડેવલપમેન્ટ કમિટીની ઉત્તમ કામગીરી બદલ કમિટીના ચેરમેનશ્રી સુરેશભાઈ એમ. પટેલ, સાઈટ ઈન્ચાર્જશ્રી મનોજભાઈ કણસાગરા અને તેમની સમગ્ર ટીમને અભિનંદન આપતાં ગૌરવની લાગણી અનુભવું છું. આ ઉપરાંત વિશેષ કરીને એન.આર.આઈ. કમિટી ચેરમેનશ્રી અરવિંદભાઈ જી. પટેલ, મંદિરના કાર્યવાહક ચેરમેનશ્રી અનિલભાઈ વિ. પટેલ, ઉમાપ્રસાદમ્‌ના ચેરમેનશ્રી રસિકભાઈ એ. પટેલ, ગોલખ દાનના ચેરમેનશ્રી સોમાભાઈ એ. પટેલ, ઉમાસૃષ્ટિ મેગેઝીનના મેનેજિંગ તંત્રીશ્રી ડો. જે. એમ. પનારા, ઉમાલગ્ન સંસ્કારના ચેરમેનશ્રી સાંકળચંદભાઈ સી. પટેલ, લીગલ સેલના ચેરમેનશ્રી એમ. એન. પટેલ, ઉમિયા અદાલતના ચેરમેનશ્રી સંજયભાઈ ટી. પટેલ, સોશિયલ મીડિયા ચેરમેનશ્રી ધવલભાઈ માકડીયા, દાતા સંપર્કના ચેરમેનશ્રી પ્રાણજીવનભાઈ જી. પટેલ, ઈલેક્ટ્રીકલના ચેરમેનશ્રી એસ. એ. પટેલ, ગ્લોબલ બિઝનસ-આઈ.ટી.ના ચેરમેનશ્રી ચિંતનભાઈ પનારા, શ્રી સુરેશભાઈ પટેલ, ઉમાછત્રના ચેરમેનશ્રી જશુભાઈ પટેલ, મોટીવેશનલના ચેરમેનશ્રી મૌલિકભાઈ સોની, QMS ના ચેરમેનશ્રી કનુભાઈ પટેલ તેમજ નિખિલભાઈ પટેલ, સીટી મેમ્બરના ચેરમેનશ્રી સંકેતભાઈ પટેલ, ડીજીટલ પ્રમોશનના ચેરમેનશ્રી કપિલભાઈ પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

પોતાની કર્મભૂમિથી દૂર અને વિદેશની ધરતીથી સંસ્થા સાથે જોડાયેલ એવી અમેરિકાની સેન્ટ્રલ કમિટીના તમામ હોદ્દેદારશ્રીઓ, ચેપ્ટર ચેરમેનશ્રીઓ, દાતાશ્રીઓ, કેનેડાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ, સાઉથ આફ્રિકાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ, યુ.કે.ના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તેમજ ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના તમામ હોદ્દેદારશ્રીઓએ સમગ્ર વર્ષ દરમિયાન આપેલ સાથ - સહકાર અને કરેલ કામગીરીને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

વર્ષ દરમિયાન થતી સંસ્થાની તમામ યોજનાઓને સાકાર રૂપ આપવામાં જેનું મહત્તમ યોગદાન છે તેવા સંસ્થાના જનરલ મેનેજરશ્રી શૈલેષભાઈ પટેલ તથા સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરતાં સૌ કર્મચારીઓ મિત્રોને હું અંતઃકરણથી બિરદાવું છું.

સેવા પરમો ધર્મના મંત્રને સાર્થક કરતા મંદિર સેવા કમિટીના ચેરમેનશ્રી અમિતભાઈ પટેલ અને તેમની સમગ્ર સેવાભાવી ટીમ તેમજ વૈષ્ણોદેવી - અદાણી - જાસપુર - ખોડિયાર વિસ્તારના તમામ ભાવિક-ભક્તોએ વાર - તહેવાર તેમજ વર્ષ દરમિયાન જે સેવાઓ આપેલ છે તે ખરેખર વંદનીય છે, તે બદલ તમામ મિત્રો પ્રત્યે ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છું.

સંસ્થાના વિવિધ કાર્યાલયો - નિકોલ, સુરત, મહેસાણા તથા વડોદરામાં જે તે શહેરના પ્રભારીશ્રી, ચેરમેનશ્રી, કાર્યાલય મંત્રીશ્રી, સેવાભાવી મિત્રો તથા સ્ટાફ જે અવિરતપણે કાર્યાલયની કામીગીરી નિભાવવામાં યોગદાન આપેલ છે, તે તમામ મિત્રોને હૃદયપૂર્વક બિરદાવી અભિનંદન પાઠવું છું.

મિત્રો, વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલ પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ તેમજ સંસ્થાના હિસાબોનો ઓડિટ રીપોર્ટ આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. આ અંતર્ગત આપનો પ્રતિભાવ મૌખિક કે લેખિત મોકલશો તો ખૂબ જ આનંદ થશે.

સંસ્થાએ વર્ષ દરમિયાન કરેલ મહત્ત્વની પ્રવૃત્તિઓની ઝલક

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું મહેસાણા ખાતે આયોજન : (તા. ૧૩-૦૪-૨૦૨૫)

તા. ૧૩-૦૪-૨૦૨૫ ના રોજ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન મહેસાણા ખાતે કરવામાં આવેલ. જેના મુખ્ય યજમાનશ્રી તરીકે શ્રી દિપકભાઈ મણિભાઈ પટેલ પરિવાર (ભામાશા દાતાશ્રી) તથા સહ યજમાનશ્રી સ્વ. જોઈતારામ રેવાભાઈ પટેલ તથા દૈનિક યજમાન ગં.સ્વ. શારદાબેન એ. પટેલ, શ્રી દિપકભાઈ રાઠી, શ્રી મહેશભાઈ પી. પટેલ અને શ્રી પરષોત્તમભાઈ બી. પટેલ બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા.

કથાને સફળ બનાવવામાં કેન્દ્રિય કથા કમિટી, શ્રી વી. કે. પટેલ, રાકેશકુમાર વી. પટેલ, ગણપતભાઈ બી. પટેલ, નીતિનભાઈ પટેલ, સુકેતુભાઈ પટેલ, ડો. મનીષાબેન પી. પટેલ - ચેરપર્સનશ્રી, નરેશભાઈ પી. પટેલ, રસિકભાઈ એન. પટેલ, ડો. વિષ્ણુભાઈ પટેલ તેમજ તમામ સભ્યશ્રીઓ અને કાર્યકર ભાઈ-બહેનોએ રાત-દિવસ, તન-મન અને લગનપૂર્વક જે મહેનત કરેલ છે તે બદલ તમામ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વધુમાં કથા દરમિયાન સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈ સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી, જેઓ સંસ્થાના ગૌરવવંતા દાતાશ્રી, ધર્મસ્તંભ દાતાશ્રી તથા સીટી મેમ્બર બન્યા છે તે તમામ દાતાઓના પરિવાર પ્રત્યે સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

ઉમા શિક્ષણ સહાય અંતર્ગત ભલામણ પત્ર એનાયત : (તા. ૦૭-૦૬-૨૦૨૫)

સંસ્થાની ઉમા શિક્ષણ સહાય યોજના અંતર્ગત જે તે યુનિવર્સિટી તેમજ કોલેજોના સહયોગથી વર્ષ ૨૦૨૫-૨૬માં તેજસ્વી તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવા અંતર્ગત ફોર્મ મંગાવી અને તેના ઈન્ટરવ્યૂ માટે બોલાવેલ, ઈન્ટરવ્યૂ બાદ ઉમા શિક્ષણ સહાય કમિટી દ્વારા જે વિદ્યાર્થીઓનું સિલેક્શન થયેલ છે તે તમામ વિદ્યાર્થીઓને જે તે યુનિવર્સિટી માટે નિશુલ્ક ભલામણ પત્ર એનાયત કરવામાં આવેલ. આ શિક્ષણ અભિયાનમાં તમામ યુનિવર્સિટી તેમજ કોલેજોનો નિ:શુલ્ક સહયોગ મળેલ છે તે તમામ કોલેજો અને સંસ્થાની ઉમા શિક્ષણ કમિટીના ચેરમેનશ્રી મિનાક્ષીબેન પટેલ, ડો. રૂપલબેન પટેલ, શ્રીમતી ગિરાબેન પટેલ તેમજ તેમની સમગ્ર ટીમના મેમ્બરોએ કરેલ કામગીરીને બિરદાવતાં ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છે.

વિમાન દુર્ઘટનાના દિવંગત આત્માઓ તેમજ સ્વજનોના દુ:ખમાં સહભાગી (તા. ૧૨-૦૬-૨૦૨૫)

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દુ:ખદ અવસાન પામેલ દિવંગત આત્માઓની શાંતિ તેમજ સ્વજનોના દુ:ખમાં સહભાગી થવા સંસ્થાના સંગઠનના ચેરમેનશ્રી ડી.એન.ગોલ, ૧૦૮ ટીમના ચેરમેનશ્રી કેતનભાઈ આર. પટેલ, મહામંત્રીશ્રી બ્રિજેશ પટેલ, શ્રી મોતીભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, પંકજભાઈ પટેલ વિગેરે મિત્રોએ સિવિલ હોસ્પિટલ - અમદાવાદ ખાતે દિવંગતોના પરિવારોને ભોજન તથા ફૂડ પેકેટ જેવી ખાદ્ય ચીજવસ્તુઓનું વિતરણ કરી સેવા પરમો ધર્મના મંત્રને સાર્થક કરી સહયોગી બન્યા છે તે બદલ તમામ મિત્રોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને દિવંગત આત્માઓની શાંતિ માટે અને તેમના પરિવારોને દુ:ખ સહન કરવાની શક્તિ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

સારસ્વત ચિંતન શિબિર : (તા. ૨૧-૦૬-૨૦૨૫)

વિશ્વ ઉમિયાધામ ખાતે તા. ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ "સારસ્વત ચિંતન શિબિર"નું આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ ૩૬ લેખકોએ ઉપસ્થિત રહીને ધાર્મિક સાહિત્યના સંશોધન અને પ્રકાશન અંગે ગહન ચિંતન રજુ કર્યું હતું. આ શિબિરમાં પ્રો.મફતભાઈ પટેલ, ડો.બળવંત જાની, મણીભાઈ પ્રજાપતિ, પ્રો.ઈશ્વરભાઈ ઓઝા, પ્રિ. સોમાભાઈ પટેલ, ડો.પ્રભુદાસ પટેલ, ડો.જીતેન્દ્ર અઢિયા, મૌલિક સોની, ડો.ભાવેશ જેતપરિયા, અમૃતલાલ હિંગરાજિયા, ગિરા પિનાકીન ભટ્ટ, નરભેરામ રાંકજા, રસિક પટેલ, સુનીતા વ્યાસ, ગીતા ઉનડકટ, ભૂપેન્દ્ર ધોળકિયા, રાજેન્દ્ર પટેલ, ડો. બીના પટેલ, અજિત દેસાઈ, ધવલ માકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સદર શિબિરનું સંચાલન અને તેના સફળ આયોજનમાં પ્રો. ડો. જે. એમ. પનારા સાહેબે જે કામગીરી કરેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી (તા. ૨૧-૦૬-૨૦૨૫)

પ્રાચીન ભારતીય પરંપરાની અમૂલ્ય ભેટ "યોગ" આજે સમગ્ર વિશ્વમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી માટે અપનાવવામાં આવી રહેલ છે, ત્યારે ૨૧ મી જૂન-૨૦૨૫એ ૧૧મો આંતરાષ્ટ્રીય યોગ દિવસ પર્વ સંસ્થાએ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ઉજવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાનશ્રી બ્રિગેડીયર શ્રી પી. સી. વ્યાસ તેમજ સંગઠનના તમામ મિત્રો પ્રત્યે ગૌરવની લાગણી અનુભવું છું.

ભગવાન જગન્નાથજીની દ્વિતિય રથયાત્રા @ વિશ્વ ઉમિયાધામ : (તા. ૨૭-૦૬-૨૦૨૫)

ભગવાન જગન્નાથજીની ૧૪૮ મી રથયાત્રા નિમિત્તે, અષાઢી બીજ ૨૭ જુન - ૨૦૨૫, શુક્રવારના રોજ સંસ્થા દ્વારા દ્વિતીય ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ, જેમાં વૈષ્ણોદેવી વિસ્તારના તમામ નગરજનોએ ભગવાનના દર્શન કરી ધન્યતાઅનુભવી હતી. સદર રથયાત્રાની સફળતામાં સામાજિક સંગઠનના ચેરમેનશ્રી ડી. એન. ગોલ, કો-ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ, ૧૦૮ ટીમના મહામંત્રીશ્રી બ્રિજેશભાઈ એલ. પટેલ તેમજ વૈષ્ણોદેવી વિસ્તારની ટીમ - શ્રી મયુરભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી પરેશભાઈ પટેલ વિગેરે મિત્રો અને મંદિર કમિટીમાંથી શ્રી અમિતભાઈ પટેલ તેમજ તેમની ટીમ અને અદાણી - વૈષ્ણોદેવી તેમજ ટી.પી.-૬૩ વિસ્તારના તમામ નગરજનોએ જે અહમ્ ભૂમિકા ભજવેલ તે બદલ તમામ મિત્રોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

યુવા સંગઠન આયોજીત પદભાર સમારોહ : (તા. ૧૯-૦૭-૨૦૨૫)

યુવાનો માત્ર આવતીકાલના નેતાઓ નથી, પરંતુ આજના પરિવર્તનના સર્જકો છે. સંસ્થાનો ઉદ્દેશ માત્ર ભવ્ય મંદિરનું નિર્માણ કરવાનો નથી, પરંતુ ધર્મ, સંસ્કાર, સેવા અને સંગઠનની ભાવનાથી સશક્ત સમાજનું નિર્માણ કરવાનો છે, જ્યારે યુવા શક્તિ સંસ્થા સાથે જોડાય છે, ત્યારે સમાજને નવી દિશા, નવી ઊર્જા અને નવી આશા મળે છે. ધાર્મિક અને સમાજ વિકાસના કાર્યોમાં સક્રિય સહભાગી બનીને આપણે આપણા સનાતન સંસ્કારોને આગામી પેઢી સુધી પહોંચાડી શકીએ.

સંસ્થા સાથેનું જોડાણ એ માત્ર સભ્યપદ નથી, પરંતુ માતાજીની કૃપા સાથે સમાજ અને રાષ્ટ્રસેવાનું એક પવિત્ર કાર્ય છે તેવા સંકલ્પ સાથે ૨૧ જિલ્લાઓના ૫૦૦ થી વધુ યુવાનોને પદભાર પત્ર એનાયત કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ, પ્રભારી શ્રી જયેશભાઈ પટેલ તેમજ મહામંત્રી શ્રી સુરેશભાઈ પટેલ તેમજ તેમની ટીમે જે મહેનત કરેલ છે તે તમામ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન સાથે બિરદાઉં છું.

સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ધ્વજ વંદન કાર્યક્રમ : (તા. ૧૫-૦૮-૨૦૨૫)

દેશની એકતા અને અખંડિતતાના ગૌરવપૂર્ણ વારસાની વિરાસતના પ્રસંગોને જીવંત રાખવા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ૭૯ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધ્વજવંદનકર્તા તરીકે મુખ્ય મહેમાનશ્રી હરેશભાઈ ઠક્કર - વિભાગ સંઘચાલકશ્રી, પશ્ચિમ કર્ણાવતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યકર્તા ભાઈઓ-બહેનો વિગેરેની ઉપસ્થિતિમાં વીર શહીદોને યાદ કરી, ધ્વજવંદનને સલામી આપી હતી. સદર કાર્યક્રમના સફળ આયોજન બદલ ચેરમેનશ્રી ડી.એન.ગોલ, કો.ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ, ૧૦૮ ટીમના મહામંત્રીશ્રી બ્રિજેશભાઈ એલ. પટેલ, સહમંત્રીશ્રી પંકજભાઈ બી. પટેલને તેમજ કામેશ્વર ગ્રુપમાંથી Drum Beat (બેન્ડ) ની વ્યવસ્થા પૂરી પાડેલ છે, તે બદલ તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી અનુભવું છું.

કૃષ્ણ જન્મોત્સવ કાર્યક્રમ : (તા. ૨૬-૦૮-૨૦૨૫)

સમગ્ર વિશ્વને શ્રીમદ્ ભગવદ્ ગીતાના પવિત્ર ઉપદેશ દ્વારા ધર્મ, કર્તવ્ય અને આદર્શ જીવન જીવવાની દિશા દર્શાવનાર અખિલ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ મહોત્સવની ઉજવણી ભજન-કીર્તન, મટકી ફોડ સહિતના વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઉત્સાહભેર કરવામાં આવેલ, જેમાં મોટી સંખ્યામાં ભાવિક-ભક્તોએ ભાગ લઈ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું.

આ કાર્યક્રમમાં વિશ્વ ઉમિયાધામના સમગ્ર પરિવાર, કાર્યકર મિત્રો તેમજ યુવા મહિલા સંગઠનની સમગ્ર ટીમે જે અવિરત પરિશ્રમ, સમર્પણ અને સેવા ભાવના સાથે કાર્ય કર્યું છે, તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

રક્ષા દિક્ષા મહોત્સવ @ ભુજ : (તા. ૧૪-૦૯-૨૦૨૫)

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણાશ્રી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે નારી સ્વરક્ષા જાગૃત અભિયાન અંતર્ગત ભુજ ખાતે સર્વે સમાજની ૧૧ હજારથી વધારે દિકરીઓનો રક્ષા-દિક્ષા મહોત્સવ યોજાયો હતો. જેમાં વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા પ્રેરણાશ્રી ગ્રુપ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમ્યાન ૧૧ હજાર દિકરીઓને તેમની સ્વરક્ષા માટે કટારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મા દુર્ગાની શક્તિ સમાન ૧૧,૮૦૦ દિકરીઓએ એકસાથે સ્વરક્ષા સંકલ્પ લઈ ગીતાના પઠન વડે વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણા શ્રી ગ્રુપ દ્વારા આયોજિત રક્ષા-દીક્ષા મહોત્સવ એ યુવાપેઢીમાં હિંમત, એકતા અને આત્મવિશ્વાસ સાથે વીરતા પરમો ધર્મ અને એકતા પરમો ધર્મના મંત્રને ચરિતાર્થ કર્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રક્ષાદીક્ષાના કોર્ડીનેટરશ્રી સંજયભાઈ ટી. પટેલ - પરિવાર તેમજ કચ્છ જિલ્લા - તાલુકા સંગઠનના તમામ હોદ્દેદારશ્રીઓ, શ્રી નરોત્તમભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી ઈશ્વરભાઈ, શ્રીમતી હિરાબેન, શ્રીમતી ગંગાબેન, શ્રી રાજુભાઈ તેમજ કાર્યકર મિત્રોના અથાગ પરિશ્રમથી રક્ષાદીક્ષા મહોત્સવ સફળ થયો તે બદલ તમામને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા ગૌરવની લાગણી અનુભવું છું.

મા ઉમિયાના નવનિર્મિત મંદિરનો ભારતમાં પ્રથમવાર રાફ્ટ કાસ્ટિંગ : (તા. ૧૫-૦૯-૨૦૨૫)

વિશ્વ ઉમિયાધામમાં જગતજનની મા ઉમિયાનું મંદિર ૧૫૫૧ ધર્મસ્તંભ પર નિર્માણ થઈ રહેલ છે તે મંદિરનું, ૮ લાખ ૫૭ હજાર ૫૦૦ ઘન ફૂટ જેટલો કોંક્રિટ રાફ્ટ કાસ્ટિંગની અંદાજીત ૭૨ કલાકની કામગીરી, મા ઉમિયાના આશીર્વાદથી ફક્ત ૫૪ કલાકમાં પૂર્ણ કરી ધાર્મિક ક્ષેત્રે વિશ્વમાં સૌથી મોટો અને ભારતમાં પ્રથમવાર રાફ્ટ કાસ્ટિંગ ભરવાની સિદ્ધિ હાંસલ કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો. આ રાફ્ટ કાસ્ટિંગની કામગીરીમાં ૩૬૦૦ ટનથી વધુ સિમેન્ટનો ઉપયોગ, ૧ હજારથી વધુ એન્જિનિયરોના સુપરવિઝનમાં તથા ૩ હજારથી વધુ શ્રમિકોના અથાગ પરિશ્રમથી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઐતિહાસિક રાફ્ટ કાસ્ટિંગ કાર્યમાં ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ તથા લોકપ્રિય અભિનેતા શ્રી વિવેક ઓબેરોય વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહ્યા હતાં.

સદર રાફ્ટ કાસ્ટિંગ કામગીરીમાં જોડાયેલ સંસ્થાની પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ કમિટીના હોદ્દેદારશ્રીઓ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, પી.એસ.પી. કંપની, અદાણી સિમેન્ટ, પી.એમ.સી. સ્ટાફ, જે તે કોલેજ, યુનિવર્સિટીઓના સહયોગી વિદ્યાર્થીઓ, એન્જિનીયરો તેમજ અન્ય જોડાયેલ કંપનીઓ આ ઐતિહાસિક કામગીરીમાં સહયોગી બનેલ છે, તે બદલ તમામને અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી વ્યક્ત કરું છું.

વડોદરા જીલ્લા કાર્યાલયનો શુભારંભ (તા. ૦૭-૧૦-૨૦૨૫)

સંસ્થાની વિચારધારાને અવિરતપણે વેગવંતી બનાવવા તેમજ સંસ્થાની સમાજોપયોગી પ્રવૃત્તિઓનો લાભ વડોદરા શહેર - જીલ્લા - તાલુકા તથા છેવાડાના ગામ સુધીના પરિવારોને મળી રહે તેવા અભિગમ સાથે વડોદરા જીલ્લાના નિઝામપુરા વિસ્તારમાં વડોદરા જીલ્લામાં નવીન કાર્યાલયનો શુભારંભ શ્રી સત્યનારાયણ ભગવાનની કથા સાથે કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ વડોદરા રીજીયનના પ્રભારીશ્રી, ચેરમેનશ્રી, મહામંત્રીશ્રી તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

સદર કાર્યાલયને સુચારું રૂપ ચલાવવાની જવાબદારી સ્વયંભૂ સ્વિકારેલ એવા વડોદરાના ચેરમેનશ્રી પિનાકીનભાઈ પટેલ, પૂર્વ ઝોન પ્રભારીશ્રી - શૈલેષભાઈ પટેલ, ખજાનચીશ્રી - વિજયભાઈ પટેલ, મહામંત્રીશ્રી - લાલાભાઈ પટેલ, યુવા સંગઠન ચેરમેનશ્રી - ચિરાગભાઈ પટેલ તેમજ ટીમ જે કાર્ય કરી રહેલ છે તે બદલ તમામને હૃદયપૂર્વક બિરદાવી અભિનંદન પાઠવું છું.

સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠન કાર્યકર્તા સ્નેહમિલન સમારોહ : (તા. ૦૫-૧૧-૨૦૨૫)

સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠનના કાર્યકર મિત્રોના અરસપરસના વિચારોના આદાન-પ્રદાન, સમાજના વૈશ્વિક સંગઠનના માધ્યમથી સામાજિક તેમજ વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ થાય તેમજ વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તથા કાર્યકર્તા ભાઈ/બહેનોનું વિશેષ યોગદાન રહેલ છે, તે તમામ મિત્રોનું અભિવાદન કરવા માટે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવેલ. સંસ્થાની વિચારધારા સાથે જોડાઈને જે મિત્રોએ કામગીરી કરી છે તે ખરેખર અકલ્પનીય છે, તે બદલ તમામને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવી બિરદાવું છું. સદર આયોજન સામાજિક સંગઠનના કો-ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ તેમજ ટીમે સફળ બનાવેલ તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સંસ્થાના હોદ્દેદારશ્રીઓનો યુ.કે. પ્રવાસ (તા.૭-૧૧-૨૦૨૫ થી ૨૦-૧૧-૨૦૨૫) :

મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના ભાગરૂપે યુ.કે. માં વસતા સમાજને સહભાગી બનાવવા સંસ્થાનું પ્રતિનિધિ મંડળ યુ.કે.ના પ્રવાસે ગયેલ. જેમાં મારી સાથે સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, ગ્લોબલ બિઝનેસના ચેરમેનશ્રી ચિંતન પનારા, આઈ.ટી. ના કન્વીનરશ્રી કપિલ પટેલ અને VUF - USA ના મહામંત્રી શ્રી દિનેશ પટેલ (ડેની) જોડાયા હતા.

સદર પ્રવાસ દરમિયાન, સુરેશભાઈ કણસાગરા કે જેઓ ત્યાંના કાઉન્સિલર અને કે. પી. સેન્ટરના ચેરમેન છે અને શ્રી રજનીભાઈ કણસાગરા કે જેઓ યુ.કે.ના અગ્રણી ઉદ્યોગપતિ છે, તેમણે કે.પી. સેન્ટરમાં સમાજના અગ્રણીશ્રીઓની મીટિંગનું આયોજન કરી વિશ્વ ઉમિયાધામના કાર્યમાં સહયોગી બનાવવાની પ્રેરણાત્મક અપીલ કરેલ. આ મીટિંગ દરમિયાન રીટાયર્ડ કેપ્ટન શ્રી અરૂણ કર એક બિન ગુજરાતી અને બિન પાટીદાર હોવા છતાં પાંચ કરોડ રૂપિયા (પાંચ લાખ પાઉન્ડ) ના દાનની જાહેરાત કરીને સંસ્થાના સૈનિક તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપતિ કરી છે. આ ઉપરાંત અનેક શ્રેષ્ઠીશ્રીઓએ દાન જાહેર કરી અમારી ટીમને સહયોગ કર્યો તે બદલ તમામનો સંસ્થા વતી આભાર માનું છું.

આ ઉપરાંત શ્રીમતી અંજનાબેન પટેલ કે જેઓ હેરો કાઉન્સિલના મેયર છે. જેઓની ખુમારી અને આવડતથી મહિલાઓ માટે આઈકોનીક તરીકે કામ કરી રહ્યા છે. તેમણે મીટિંગ દરમિયાન ૧૦૦ પાઉન્ડની એક ઈંટ લેખે પાંચ ઈંટ લખાવી "ઈંટદાન અભિયાન" માં સહયોગી બન્યા હતાં.

હાઉસ ઓફ લોર્ડ્સના લોર્ડ રામી રેંજર, લોર્ડ ડોલર પોપટ, લોર્ડ નવનીત ધોળકિયા, યુ.કે. ના M. P. Louie French, Shadow economic secratory Mark Garnier, (CLLR) Rags sandhu, કેપ્ટન અરૂણ કર, પાર્થા પાંડા, ઓડિસા સોસાયટીના મહિલા પ્રતિનિધિ અને યુકેના પોલીટીક્સમાં સક્રિય એવા શ્વેતાબેન મહાપાત્રા, ડો. બિભૂતિ પટનાયક તેમજ મહેશભાઈ લિલોરીયાનો સવિશેષ આભાર માનતાં આનંદની લાગણી અનુભવું છું.

ઈન્ડિયન એમ્બેસીના અધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી, કેટલાક પ્રશ્નોની રજૂઆત કરતાં તેના ઉકેલ માટેની ખાતરી આપી હતી. આ મુલાકાતને સફળ બનાવવામાં VUF - USA ના મહામંત્રી શ્રી દિનેશ પટેલ (ડેની) તેમજ યુ.કે. સ્થિત પંજાબી ઓર્ગેનાઈઝેશનના અગ્રણીશ્રી વિની ખેરા સહયોગી બન્યા હતા, ત્યારબાદ 'આજતક' અને 'ઈન્ડિયા ટૂડે' નેટવર્કના એડિટર શ્રી આશુતોષ મિશ્રા સાથે, હાઉસ ઓફ લોર્ડ્સમાં આયોજીત બાલી જાત્રા કાર્યક્રમમાં સંસ્થાની કામગીરી વિશેષ ચર્ચા કરતાં તેઓશ્રીએ સંસ્થાની વિચારધારાને વિશ્વના પ્લેટફોર્મ ઉપર નવા જ કોન્સેપ્ટ સાથે મૂકવા પોતાના સહયોગની ખાતરી આપેલ તે માટે તમામનો વિશેષ આભાર માનું છું.

યુ.કે.માં હેરોના - વેમ્બલીમાં રહેતા સમાજના મિત્રો એક પ્લેટફોર્મ પર આવે અને સનાતની એકતા મજબૂત બને તે માટે સંયુક્ત સંગઠન કમિટીની રચના કરવાના હેતુથી શ્રી શશીભાઈ વેકરિયા, શ્રી રમેશભાઈ કણસાગરા, શ્રી નરેશભાઈ સાવલિયા અને અન્ય અનેક આગેવાનોએ સમર્થન આપતાં, લેઉઆ પાટીદાર સમાજના અગ્રણી ભાઈશ્રી નરેશભાઈ સાવલિયાએ સદર કમિટીનું નેતૃત્વ સ્વિકારીને સંગઠનને મજૂબત કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો, આ માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

વિદેશમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં જેમનું વિશેષ યોગદાન છે તેવા યુરોપના દેશોના એચ.એસ.એસ.ના વડા શ્રીરામ વૈદ્ય સાથે સનાતનના સંદર્ભમાં મહત્વની મીટિંગ યોજાઈ હતી. જેમાં ઓક્સફોર્ડ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના ડાયેક્ટર શ્રી શૌનક ઋષિદાસ અને કો-ઓર્ડિનેટર શ્રી યોગેશ પટેલ સાથેની મુલાકાત અમારા માટે ખૂબ જ યાદગાર ક્ષણ હતી.

પ્રવાસ દરમિયાન સંસ્થા માટે વિકાસના નવા દ્વાર, સંબંધો અને નવી સંભાવનાઓ સાથે યુકેમાં વસતા ભાઈ/ બહેનોનો જે સહયોગ અમોને પ્રાપ્ત થયો છે અને સંસ્થાની વિચારધારાને વિદેશની ભૂમિ પર વધુ પ્રજ્વલિત કરવાનો ઉદ્દેશ સાર્થક થયો છે.

સુરત ખાતે નવીન કાર્યાલયનો શુભારંભ : (તા.૧૩-૧૨-૨૦૨૫) :

સંસ્થાની વિચારધારાને અવિરતપણે વેગવંતી બનાવવા તેમજ સંસ્થાની સમાજોપયોગી પ્રવૃત્તિઓનો લાભ દક્ષિણ ઝોન ગુજરાતના સર્વે પરિવારો તથા છેવાડાના ગામ સુધીના પરિવારોને મળી રહે તેવા અભિગમ સાથે સુરત શહેરમાં સંસ્થા દ્વારા નવીન કાર્યાલયનો શુભારંભ શ્રી સત્યનારાયણ ભગવાનની કથા સાથે કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખશ્રી દિપકભાઈ એમ. પટેલ, શ્રી ડી. એન. ગોલ, મંત્રીશ્રી દામોદરભાઈ બી. ભાવાણી, કેન્દ્રીય સામાજિક સંગઠન વાઈસ ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી.પટેલ તથા દાતાશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને ઉમાભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સદર કાર્યાલયને સુચારું રૂપ ચલાવવાની જવાબદારી સ્વયંભૂ સ્વિકારતા દક્ષિણ ગુજરાત ઝોન પ્રભારીશ્રી સુરેશભાઈ એ. પટેલ, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી રમેશભાઈ પારસિયા તથા કાર્યાલય મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ તેમજ ટીમ જે કાર્ય કરી રહેલ છે તે બદલ તમામને હૃદયપૂર્વક બિરદાવી અભિનંદન પાઠવું છું.

મા ઉમિયાના મંદિર ગર્ભગૃહમાં ગંગાજળથી ભરેલ ૧૦૮ કળશનું સ્થાપન : (તા.૧૪-૧૨-૨૦૨૫) :

તા. ૨૮/૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના પવિત્ર પાવન દિવસે જગતજનની મા ઉમિયાના મંદિરના શિલાન્યાસ સમારોહ પ્રસંગે સંસ્થા દ્વારા ૧૦૮ કળશ નીધિ નિર્માણાધીન મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવાનું નક્કી કરેલ, ત્યારે તે પવિત્ર કળશના યજમાન બની વિધિવત્ પૂજન કરી મા ઉમિયાના કૃપાપાત્ર બનેલ, તે અંતર્ગત મા ઉમિયાના આશીર્વાદથી મંદિર ગર્ભગૃહના બાંધકામમાં ૧૦૮ દંપતિ / યજમાનશ્રીઓના વરદ્હસ્તે દેશની ૧૦૮ પવિત્ર નદીના ગંગાજળથી ભરેલા કળશનું શાસ્ત્રોક્ત વિધિવત્ ગર્ભગૃહમાં સ્થાપિત કરાયા હતા. આ તમામ કળશના યજમાનોની હર મનોકામના પૂર્ણ થાય તેવી મા ઉમિયાને પ્રાર્થના.

સામાજિક સંગઠન દ્વારા ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ : (તા.૧૬-૧૨-૨૦૨૫) :

સામાજિક સંગઠન અને ૧૦૮ ટીમના કાર્યકર મિત્રો એકબીજાના પૂરક બને અને સંગઠન વધુ મજબૂત અને વેગવંતુ બને તેવા શુભ આશય સાથે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જેમાં સંગઠનની વિવિધ તાલુકા - જીલ્લામાંથી કુલ ૬૪ ટીમોએ ભાગ લઈ પરસ્પર પૂરક બન્યા હતાં.

સદર ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ ચેરમેનશ્રી ડી.એન.ગોલ, કો.ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી.પટેલ, ૧૦૮ ટીમના ચેરમેનશ્રી કેતનભાઈ આર.પટેલ, મહામંત્રીશ્રી બ્રિજેશભાઈ એલ.પટેલ, સહમંત્રીશ્રી પંકજભાઈ બી.પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી અનુભવું છું.

બોટાદ ખાતે રથ પરિભ્રમણ સમાપન સમારોહ : (તા.૨૧-૧૨-૨૦૨૫) :

સંસ્થા દ્વારા આયોજિત જગતજનની મા ઉમિયાના દિવ્યરથ પરિભ્રમણના સમાપન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ રથયાત્રામાં ૫૦૦૦ થી વધુ બાઈક, ૨૦૦૦ થી વધુ કાર સાથે સર્વે સમાજના ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. સદર સમારોહમાં પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ, શ્રી શંકરભાઈ ધોળું, શ્રી દિલીપભાઈ સાબવા, શ્રી કિશોરભાઈ ફ્તેપરા તેમજ શ્રી કિશોરભાઈ કાનેટિયા ઉપરાંત બોટાદ જિલ્લાના સનાતની સમાજના નામી અનામી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સામાજિક સંગઠન, યુવા ટીમ, મહિલા ટીમ, ઉમાછત્ર ટીમ તથા ૧૦૮ ટીમના સહકારથી સફળ બન્યો હતો, તે બદલ તમામ મિત્રોને અભિનંદન પાઠવતાં ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છું.

યુવા બિઝનેસ મહાસંમેલનનું આયોજન : (તા.૨૮-૧૨-૨૦૨૫) :

આત્મનિર્ભર ભારતના મંત્રને સાકાર કરવા યુવા શક્તિ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચંડ આત્મવિશ્વાસ સાથે વ્યાવસાયિક વિકાસમાં અગ્રેસર રહી દેશનું ગૌરવ વધારવામાં હિસ્સેદાર બને તે અંતર્ગત યુવા સંગઠન દ્વારા યુવા બિઝનેસ મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થા દ્વારા બનાવેલ બિઝનેસ નેટવર્કિંગ એપ્લિકેશનના માધ્યમથી ૫ લાખ જેટલા ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ ક્ષેત્રે મદદરૂપ થવાના શુભ આશય સાથે માન. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ્‌હસ્તે બિઝનેસ નેટવર્કિંગ એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવેલ. આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીશ્રીઓ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ સાથે ૨૫ હજારથી વધારે યુવા મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

સદર મહા સંમેલનની સફળતામાં યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ, મહામંત્રીશ્રી સુરેશભાઈ કે. પટેલ, શ્રી સંકેતભાઈ પટેલ તેમજ જે તે જીલ્લાના યુવા સંગઠનના ચેરમેનશ્રીઓ અને તેમની સમગ્ર ટીમે રાત-દિવસ અથાગ મહેનત કરી મહત્ત્વની ભૂમિકા ભજવેલ છે, તે બદલ તમામ પ્રત્યે અંત:કરણપૂર્વક અભિનંદન પાઠવી બિરદાવું છું.

સારસ્વત પરિષદ મીટિંગનું આયોજન : (તા.૦૫-૦૧-૨૦૨૬) :

વિશ્વ ઉમિયાધામ ખાતે સારસ્વત પરિષદ ગ્લોબલ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુ.કે ની વિશ્વ વિખ્યાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં કાર્યરત ઓક્સફોર્ડ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના ડાયરેક્ટરશ્રી શૌનક ઋષિ દાસ, ડો. આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ અમીબેન ઉપાધ્યાય, ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેનશ્રી ભાગ્યેશ ઝા, પ્રો. હર્ષદ ચાફ્રિક, મણીભાઈ પ્રજાપતિ, પ્રિ. સોમાભાઈ પટેલ, ડો. ભાવેશ જેતપરીયા, ગીરા પિનાકીન ભટ્ટ, પ્રો. હરદીપસિંહ ગોહિલ, અજીતભાઈ દેસાઈ, સંદેશ અખબારના ન્યુઝ એડિટર ધવલ માકડીયા તથા ગણમાન્ય સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મીટિંગનું સંચાલન ગ્લોબલ બિઝનેસ કમિટીના ચેરમેન ચિંતન પનારા દ્વારા કરવામાં આવેલ. મીટિંગ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાની વિચારધારામાં સહભાગી થવાની ભાવના વ્યક્ત કરેલ તે બદલ તે તમામને બિરદાવી અભિનંદન પાઠવું છું.

NRI સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન : (તા. ૧૦-૦૧-૨૦૨૬)

સંસ્થાની વિચારધારા અંતર્ગત સમાજના વૈશ્વિક સંગઠનના માધ્યમથી સામાજિક તેમજ વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ થાય તે દિશામાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ સક્રિયપણે કાર્યરત છે અને ખૂબ જ ટૂંકાગાળામાં ભારત ઉપરાંત યુ.એસ.એ., કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુ.કે. તેમજ ન્યુઝીલેન્ડમાં વસતા પરિવારો સંસ્થાની વિચારધારામાં સહયોગી બનેલ છે, ત્યારે તે મિત્રો જ્યારે માદરે વતનમાં પધારે છે ત્યારે સંસ્થા સાથેનો પારિવારિક ભાવ કાયમી ધોરણે જળવાઈ રહે તે માટે સંસ્થા દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં NRI સ્નેહમિલનનું આયોજન કરે છે, જેમાં મોટી સંખ્યામાં વિદેશથી આવેલા પરિવારો જોડાતા હોય છે, તે અંતર્ગત....

તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે NRI સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું યોજાયું હતું. આ પ્રસંગે લંડનના હેરો શહેરના મેયર કાઉન્સિલર શ્રી અંજનાબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉમિયાધામ શિકાગોના પ્રમુખ જે. પી. પટેલ, બ્રિટનના (લંડન) કે. પી. સેન્ટરના સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઈ ડેડકિયા, ન્યુજર્સી મંદિરના ચેરમેન અને VUF ના ઉપપ્રમુખ શ્રી વી. પી. પટેલ, USA ના જનરલ સેક્રેટરી ડેનીભાઈ પટેલ તથા તથા અનેક દાતાશ્રીઓ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી સંસ્થા પ્રત્યેના પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સદર સ્નેહમિલનમાં સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈને કેટલાક મિત્રો નવીન દાતાટ્રસ્ટીશ્રી બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ તબક્કે તે તમામને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છું.

ગણતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ (તા. ૨૬-૦૧-૨૦૨૬)

રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને ગણતંત્રની રક્ષા કરવાના સંકલ્પની ઉજવણી અંતર્ગત તા. ૨૬-૦૧-૨૦૨૬ ના રોજ વિશ્વ ઉમિયાધામમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ધ્વજવંદન કર્તા શ્રી જગદીશભાઈ પટેલ - પૂર્વ ધારાસભ્યશ્રી - અમરાઈવાડી, અમેરિકાથી પધારેલા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના હોદ્દેદારો, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ,

દાતાટ્રસ્ટીશ્રીઓ, કમિટી ચેરમેનશ્રીઓ અને સંગઠન કાર્યકર્તા ભાઈઓ - બહેનોએ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા સંગઠનના ચેરપર્સનશ્રી ડો. રૂપલબેન પટેલ તથા તેમની ટીમે અથાગ મહેનત કરેલ છે, તે બદલ સર્વેનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

Vibes ના વિવિધ ચેપ્ટરોનો શુભારંભ :

VUF સંચાલિત VIBES - (વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રિન્યોર એન્ડ સોશિયલ નેટવર્કસ) એ સંસ્થાનું એક ગતિશીલ બિઝનેસ પ્લેટફોર્મ છે. જે ઉદ્યોગ સાહસિકોને જોડવા અને સશક્ત કરવા કાર્યરત છે. આ પ્લેટફોર્મમાં જોડાયેલ યુવાવર્ગની વ્યાપાર ક્ષેત્રે વધુમાં વધુ વૃદ્ધિ થાય અને બિઝનેસ નેટવર્કિંગ સાથે સામાજિક જાગૃતિ પેદા થાય તે અંતર્ગત વાઈબ્સ દ્વારા વર્ષ દરમિયાન - અનંતા ચેપ્ટર - રાજકોટ, લીડરશીપ પ્રોગ્રામ - અમદાવાદ, વસિષ્ઠ ચેપ્ટર - સુરત, આર્યભટ્ટ ચેપ્ટર - નિકોલ, અંજલી ચેપ્ટર - આણંદ, બિઝનેસ કોન્ક્લેવ પ્રોગ્રામ - અમદાવાદ તેમજ તા. ૧ ફેબ્રુઆરીના રોજ ૧૮માં પ્રકરણ અને ગુજરાતની બહારના પ્રથમ ચેપ્ટર સિદ્ધિ વિનાયક, મુંબઈ - મહારાષ્ટ્ર ખાતે જેવાં વિવિધ શહેરોમાં વિવિધ ચેપ્ટરોનો શુભારંભ તેમજ વિશેષ મીટિંગોનું આયોજન કરવામાં આવેલ.

સદર નવીન ચેપ્ટરોના શુભારંભમાં, બિઝનેસ કોન્ક્લેવ અને લીડરશીપ પ્રોગ્રામની સફળતામાં જે મિત્રોએ અથાગ મહેનત કરેલ છે તે તમામ વાઈબ્સના હોદ્દેદારશ્રીઓ તેમજ મિત્રો પ્રત્યે અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી અનુભવું છું.

મહાશિવરાત્રિ પર્વ પર શિવ - પાર્વતીના વિવાહનું ભવ્ય આયોજન : (તા. ૧૫-૦૨-૨૦૨૬)

મહાશિવરાત્રિના પર્વ પર લઘુરુદ્ર હોમાત્મક યજ્ઞ, શિવ - પાર્વતી વિવાહ જેવા વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં યજ્ઞના યજમાન તરીકે શ્રી જયંતીભાઈ એમ. પોકાર (સિલ્વર દાતાશ્રી) તથા પરિવાર, શિવ - પાર્વતીના રૂડાં મામેરાંના યજમાન તરીકે શ્રી કરણસિંહ ખુમાનસંગ પરમાર તથા પરિવાર (બાવળા) અને કન્યાદાનના યજમાન તરીકે પટેલ આનલબેન નયનભાઈ તથા પરિવાર સહયોગ આપી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા.

સદર કાર્યક્રમનું આયોજન યુવા મહિલા સંગઠનના પ્રભારી શ્રીમતી શશીબેન એસ. પટેલ, મીનાબેન, સોનલબેન, હેતલબેન, અલ્કાબેન, તપસ્યાબેન, રિમ્પલબેન તેમજ તેમની સમગ્ર ટીમ તેમજ શિવ-પાર્વતીના પાત્રમાં ભૂમિકા ભજવનાર શ્રી નિકુંજભાઈ પટેલ અને શ્રીમતી સોનલબેન એન. પટેલની અથાગ મહેનતને કારણે જે સફળતા મળી છે તે બદલ તમામ પ્રત્યે ખૂબ ખૂબ આભાર અને ગૌરવની લાગણી વ્યક્ત કરું છું.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ @ ઘુમા - અમદાવાદ : (તા. ૨૪-૦૨-૨૦૨૬ થી ૦૨ માર્ચ ૨૦૨૬)

સમગ્ર સમાજમાં જગતજનની મા ઉમિયાની આસ્થાને ઉજાગર કરવા તથા મંદિર નિર્માણમાં સર્વ સમાજના દરેક પરિવારો સહયોગી બની શકે તેવા ઉમદા ઉદ્દેશ સાથે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન - ઘુમા અમદાવાદ ખાતે કરવામાં આવેલ. જેમાં ગુજરાતના લોકલાડીલા માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, સાધુ - સંતો, મહેમાનશ્રીઓ, અધિકારીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદર કથાના મુખ્ય યજમાનશ્રી તરીકે મહત્ત્વનું યોગદાન આપનાર શ્રી ખોડિયાર ધામ - ઘુમા, અમદાવાદ તેમજ સહ યજમાનશ્રી અલ્પેશભાઈ કાંતિભાઈ પટેલ, દૈનિક યજમાનશ્રી લાલભાઈ એસ. પટેલ, રામભાઈ એન. પટેલ, નિલેષભાઈ એન. પટેલ, દશરથભાઈ કે. પટેલ, રમણભાઈ એ. પટેલ, હર્ષદભાઈ એન. પટેલ, મહેશભાઈ એસ. પટેલ, સંજયભાઈ જી. પટેલ તથા સમગ્ર કથાના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર તમામ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કથા મેનેજમેન્ટ કમિટીના શ્રી સંજયભાઈ આર. પટેલ, ધવલ માકડીયા, રામભાઈ પટેલ, જયેશભાઈ ભુત, અલ્પેશભાઈ કે. પટેલ, મહેશભાઈ આઈ. પટેલ, મહેશભાઈ પટેલ તેમજ સભ્યશ્રીઓ અને કાર્યકર ભાઈ-બહેનો પ્રત્યે વિશેષ આદરની લાગણી વ્યક્ત કરું છું.

વધુમાં કથા દરમિયાન સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈ સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી સંસ્થાના ગૌરવવંતા દાતાશ્રી, ધર્મસ્તંભ દાતાશ્રી તથા સીટી મેમ્બર બન્યા છે તે તમામ દાતાઓના પરિવાર પ્રત્યે સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

મા ઉમિયાના મંદિરનો ષષ્ઠમ્ પાટોત્સવ : (તા. ૨૮-૦૨-૨૦૨૬)

જગતજનની મા ઉમિયાના સ્મૃતિ મંદિરના ષષ્ઠમ્ પાટોત્સવની ઉજવણી નવચંડી યજ્ઞના શુભારંભથી કરવામાં આવેલ. જેના મુખ્ય યજમાન થવાનો લાભ શ્રી સાંકળચંદભાઈ પટેલ - સિલ્વર દાતાશ્રી, અન્નકૂટના યજમાનશ્રીનો લાભ શ્રી સોમાભાઈ એ. પટેલ - ડાયમંડ દાતાટ્રસ્ટીશ્રી તથા ધજારોહણના યજમાનશ્રી પરિવારોએ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે બ્લડ ડોનેશન, ધર્મસભા જેવા કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધર્મસભાના વક્તા તરીકે પ.પૂ. રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તે બદલ તેમના ચરણોમાં નત મસ્તક વંદન કરી આભાર વ્યક્ત કરું છું અને મા ઉમિયાના દર્શનાર્થે આવેલ તમામ હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના મિત્રો તેમજ ભાવિક-ભક્તોની હરમનોકામના પૂર્ણ થાય તે માટે મા ઉમિયાને પ્રાર્થના કરું છું.

હોળી પર્વ પર હોલિકા દહનનું આયોજન : (તા. ૦૨-૦૩-૨૦૨૬)

જગતજનની મા ઉમિયાના પાવન પ્રાંગણમાં વૈદિક વિધિ અનુસાર ભવ્ય અને ધાર્મિક માહોલ વચ્ચે હોલિકા દહનનું વિધિવત્ આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અને પવિત્ર અવસરે સંસ્થાના માનનીય દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ અનેક ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી પૂજન-અર્ચન કરી આધ્યાત્મિક આનંદ અને ધન્યતા અનુભવી હતી. સદર હોલિકાના આયોજનમાં ટેમ્પલ કમિટીના મિત્રોએ જે કામગીરી કરેલ છે તે બદલ તેમનો વિશેષ આભાર વ્યક્ત કરું છું.

સુરત ખાતે શ્રીરામકથાનું આયોજન : (તા. ૧૯-૦૩-૨૦૬ થી ૨૭-૦૩-૨૦૨૬)

ઓલપાડ ચોર્યાસી ક.પા. સમાજ, સુરતના સહયોગથી શ્રીરામ કથાનું ભવ્ય આયોજન મંદિર નિર્માણના સહયોગ અર્થે કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, મહેમાનશ્રીઓ, આગેવાનશ્રીઓ સુરત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેશભાઈ ગઢિયા - IPS તથા સુરત જિલ્લા કલેકટર શ્રી સૌરભભાઈ પારધી - IAS વિશેષ ઉપસ્થિત રહી શ્રીરામ કથાનું ભાવભેર શ્રવણ કરીને પ્રસંગને ગૌરવમય બનાવ્યો હતો. કથાના વ્યાસપીઠ પદે પરમ પૂજ્ય કથાકાર શ્રી વિનોદભાઈ ભટ્ટ (શાસ્ત્રીજી) દિવ્ય વાણીથી કથાના રસપાનનું સુંદર આયોજન થયેલ.

આ ઉપરાંત શ્રીરામ કથાના આ પાવન પ્રસંગે ભક્તિ સાથે સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો, જ્યાં સનાતન ધર્મની સુંદર પરંપરા 'પરોપકાર અને માનવસેવા' ને જીવંત બનાવવા પવિત્ર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલું, જેમાં રક્તદાતાઓએ નિ:સ્વાર્થપણે ભાગ લઈ માનવતાનો ઉત્તમ સંદેશ આપ્યો સાથે તેમને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

સદર કથાના મુખ્ય યજમાન શ્રી તરીકે સંજયભાઈ એન. પટેલ, ગં.સ્વ. લલિતાબેન ડી. પટેલ, શ્રી હિતેષભાઈ એમ. ત્રિવેદી તથા સહ યજમાન શ્રી અવધભાઈ મહેતાએ લાભ લઈ શ્રી રામ ભગવાનના કૃપા પાત્ર બન્યા હતા તે બદલ સંસ્થા તેમના સમગ્ર પરિવાર પ્રત્યે ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે. સમગ્ર કથાના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર કથા મેનેજમેન્ટ કમિટી તથા તમામ કાર્યકર ભાઈ-બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

VPL-4 ફાઈનલ ક્રિકેટ ટુર્નામેન્ટ @ હિંમતનગર : (તા. ૨૩-૦૩-૨૦૨૬)

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - સાબરકાંઠા યુવા સંગઠન દ્વારા "VPL-4" નું ભવ્ય આયોજન યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ પટેલની નેતૃત્વ અને શ્રી સુરેશભાઈ કે. પટેલના સહયોગથી કરવામાં આવેલ. જેમાં સમગ્ર ગુજરાતભરમાંથી કુલ ૬૪ ટીમોએ ભાગ લીધેલ. જેનો ફાઈનલ મુકાબલો પ્રમુખ ઈલેવન અને ધ્યાન ઈલેવન નડિયાદ વચ્ચે રોમાંચક યોજાયો, જેમાં ધ્યાન ઈલેવન નડિયાદ વિજેતા થઈ હતી. સદર ટુનમિન્ટમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ, સંગઠન કમિટીના ચેરમેનશ્રીઓ ઉપસ્થિતિ રહી ટ્રોફી એનાયત કરવામાં આવેલ.

સદર ટુનમિન્ટને સફળ બનાવવામાં સાબરકાંઠા યુવા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, શ્રી મુકેશભાઈ એ. પટેલ, કલ્પેશભાઈ બી. પટેલ, શ્રી કલ્પેશભાઈ ડી. પટેલ, શ્રી શ્રી હિંમાંશુભાઈ પટેલ, શ્રી ધ્રુવભાઈ પટેલ, શ્રી પ્રતિકભાઈ પટેલ તેમજ કાર્યકર્તાઓ, મીડિયો મિત્રો, આર્થિક સહયોગથી જોડાયેલ તમામ સ્પોર્ન્સ દાતાશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છું.

સંસ્થાની કાયમી પ્રવૃત્તિઓ અંતર્ગત કામગીરી :

(૧) ઉમા શિક્ષણ સહાય યોજના :

આપણી સંસ્થાએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી ઉમા શિક્ષણ સહાય યોજના શરૂ કરેલ છે. જે અંતર્ગત જોડાયેલ શૈક્ષણિક સંસ્થાઓ પોતાની અનુકૂળતા મુજબના કોર્ષોમાં પાંચ થી વીસ જેટલી સીટો આપણી સંસ્થાને દર વર્ષે ફાળવવામાં આવે છે. જે અનુસંધાને આર્થિક સક્ષમ ન હોય તેવા પરિવારોના દિકરા - દિકરીઓને ઈન્ટરવ્યૂમાં સિલેકશન કરી મેરીટ બેઝ ઉપર જે તે શૈક્ષિણક સંસ્થાને પ્રવેશ માટે ભલામણ કરીને મોકલી આપેલ તેવા ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓને કોઈપણ જાતની ફી લીધા વગર નિ:શુલ્ક પ્રવેશ આપી શિક્ષણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહેલ છે.

છેલ્લાં પાંચ વર્ષથી આ યોજના અવિરતપણે ચાલી રહેલ છે, જેમાં ૧૦ થી વધારે યુનિવર્સિટીઓ અને ૩૦ જેટલી કોલેજો આ યોજનામાં સહયોગ આપી સમાજમાં પ્રેરણાદાયી મિશાલ બની છે. તે તમામ યુનિવર્સિટી અને કોલેજોના ચેરમેન / સંચાલકશ્રીઓ પ્રત્યે આદર અને અહોભાવની લાગણી અનુભવું છું. સદર યોજનાની કામગીરીની જવાબદારી વહન કરતા ચેરપર્સન શ્રીમતી મિનાક્ષીબેન બી. પટેલ, શ્રીમતી ગિરાબેન પટેલ કે જેઓ શ્રીમતી ડો. રૂપલબેનના સહયોગથી નિષ્ઠાપૂર્વક નિભાવી રહેલ છે તે બદલ તેમને અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી અનુભવું છું.

(૨) VUFICS (Vishv Umiya Foundation Institute for Civil Services) :

સમાજનો યુવાવર્ગ વધુમાં વધુ UPSC / GPSC / Defence / PI / PSI જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ સરકારી વિભાગોમાં પોતાની કેરિયરની શરૂઆત કરે તે માટે સંસ્થા દ્વારા ગાંધીનગરમાં VUFICS (Competitive Exams Academy) એટલે કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ઈન્સ્ટીટ્યુટ ફોર સિવિલ સર્વિસીસ ગાંધીનગર ખાતે ઓનલાઈન/ઓફ્લાઈન કોર્ષ શરૂ કરેલ.

જે અંતર્ગત સમાજના દિકરા-દિકરીઓને તમામ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ ઓનલાઈન - ઓફ્લાઈન કોર્ષ તથા વિવિધ નિષ્ણાંત IAS / IPS અધિકારીઓના સહયોગથી મોક ઈન્ટરવ્યુ દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ માટે સદર કમિટીના ચેરમેન તરીકેની જવાબદારી શ્રી એસ. કે. પટેલ, ગાંધીનગરને આપવામાં આવી છે, જેઓ નિ:સ્વાર્થ ભાવે જવાબદારી સંભાળી રહ્યા છે તે માટે તેમને અભિનંદન પાઠવી બિરદાવું છું.

(૩) VIBES (Vishv Umiya Business Entrepreneour Social Services) :

આધ્યાત્મિક ચેતના સાથે યુવાવર્ગ રાષ્ટ્રચેતનાની વિચારધારા સાથે ધાર્મિક કાર્યક્રમો તેમજ સંસ્થા સાથેનું જોડાણ થાય તેવા ઉદ્દેશ સાથે સંસ્થાએ યુવા ઉદ્યોગ સાહસિકો માટે VIBES ના નામે બિઝનેસ પ્લેટફોર્મ શરૂ કરેલ છે. જેમાં સંસ્થાના નેટવર્કિંગનો ઉપયોગ કરી પોતાનો વ્યવસાય વધુમાં વધુ વિકસિત કરી સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન અને સમયદાન સમર્પિત તેવી ભાવના સાથે આ યોજના શરૂ કરેલ. આ પ્રવૃત્તિમાં અત્યાર સુધીમાં વિવિધ ચેપ્ટરોમાં ૮૦૦ થી વધારે યુવા ઉદ્યોગ સાહસિકો જોડાઈ કુલ રૂપ૦ કરોડથી વધારેનો બિઝનેસ આ પ્લેટફોર્મના માધ્યમથી ગ્રોથ કરી સમાજના અન્ય યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

ટૂંક જ સમયમાં ગુજરાતના વિવિધ શહેરોમાં અત્યાર સુધી ૧૮ ચેપ્ટર સાથે VIBES ની ટીમ કાર્ય કરી રહેલ છે. જેના ચેરમેન તરીકેની જવાબદારી શ્રી આકાશ વડાલીયા, કોર ટીમ - શ્રી મયુરભાઈ પટેલ, શ્રી સાગરભાઈ પટેલ અને મેન્ટર તરીકે ડો. ભગીરથભાઈ પટેલ પોતાની સેવાઓ આપી રહેલ છે. આ ઉપરાંત વાઈબ્સની એલ.ટી. કમિટીના સભ્યશ્રીઓ, જે તે ચેપ્ટરના પ્રેસીડેન્ટ તેમજ તમામ ચેપ્ટરના સભ્યશ્રીઓ અને સમગ્ર ટીમ સંસ્થા સાથે જોડાયેલ છે તે તમામને હદયના શુદ્ધભાવથી અભિનંદન પાઠવી બિરદાવું છું.

(૪) ઉમા લગ્ન સંસ્કાર યોજના :

સમાજના સક્ષમ પરિવારો આસ્થા - એકતા અને ઊર્જાના ધામ સમા વિશ્વ ઉમિયાધામમાં પોતાના દિકરા-દિકરીઓના લગ્ન મા ઉમિયાની સાક્ષીએ કરાવીને સમાજમાં પ્રેરણારૂપ બને અને સમાજના જરૂરિયાતમંદ પરિવારો પણ પોતાના સંતાનોના લગ્ન ઓછા ખર્ચમાં કરાવી શકે તેવા ઉદ્દેશ સાથે સંસ્થાની ઉમા લગ્ન સંસ્કાર યોજનામાં છેલ્લા પાંચ વર્ષમાં આશરે ૪૫૦ થી વધારે પરિવારોએ આ યોજનાનો લાભ લીધેલ છે. ઉત્તમ સુવિધાઓ સાથે ગૌરવપૂર્ણ રીતે લગ્ન સંપન્ન થાય તે માટે સંસ્થાની લગ્ન કમિટીના ચેરમેનશ્રી સાંકળચંદભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ શ્રી રસિકભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમ ખડે પગે આ સેવાકીય કાર્યમાં સમર્પિત છે, ત્યારે તેમના આ સમર્પણ ભાવને અંતરના ભાવથી અભિવાદિત કરું છું.

(૫) ઉમા પ્રસાદમ્ :

જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે આવતા ભાવિક-ભક્તો તેમજ યાત્રિકોને શુદ્ધ અને સાત્ત્વિક ભોજન-પ્રસાદ સવાર - સાંજ નિ:શુલ્ક મળી રહે તે માટે સંસ્થા દ્વારા ઉમા પ્રસાદમ્ - ભોજન પ્રસાદ અવિરતપણે ચલાવવામાં આવી રહેલ છે. આ યોજનામાં વિવિધ દાતાશ્રીઓએ પોતાનું વિશેષ યોગદાન આપેલ છે, તે સૌને આ તબક્કે નત મસ્તકે વંદન કરું છું અને આ નિ:શુલ્ક યોજનામાં હરહંમેશાં સર્વેનો સાથ મળતો રહે તેવી અપેક્ષા સહ તમામ મિત્રોને હૃદયના શુદ્ધ ભાવથી અભિનંદન પાઠવતાં ગૌરવની લાગણી અનુભવું છું.

ઉમા પ્રસાદમ્ અંતર્ગત કામગીરી કરવી ખૂબ જ કઠિન છે. કારણ કે ભોજન લેનારા દર્શનાર્થીઓ - યાત્રાળુઓની સંખ્યાનો કોઈ ચોક્કસ અંદાજ રહેતો નથી તો પણ દરેકને ભોજન મળી રહે તે પ્રકારની ભોજન વ્યવસ્થા માટે ખડે પગે અને ચોક્કસ નિગરાની રહેવું પડે તેમ છતાં મા ઉમિયાની સેવામાં સમર્પિત મિત્રોએ જે કામગીરી કરેલ છે તેમના ઉપર માતાજીની વિશેષ કૃપા બની રહે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ છીએ.

ગત વર્ષમાં પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ ૩ થી ૪ હજાર દર્શનાર્થીઓએ મા ઉમિયાના ધામમાં ભોજન પ્રસાદ લીધેલ છે અને જેની સેવા કરવાની ઉત્તમ તક આપણને મળી છે તે ગૌરવની બાબત છે. આ કાર્યમાં સતત ખડે પગે સેવા આપનાર લગ્ન સંસ્કાર કમિટીના ચેરમેનશ્રી સાંકળચંદભાઈ પટેલ, કો-ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ સામાજિક - મહિલા - યુવા સંગઠનના તમામ હોદ્દેદારશ્રીઓ, અને કાર્યકર મિત્રોને અભિનંદન પાઠવી બિરદાવું છું.

વર્ષ દરમિયાન ઉમા પ્રસાદમ્ યોજનામાં આશરે ૩ લાખ જેટલા દર્શનાર્થીઓએ મા ઉમિયાના દર્શન કરી ભોજન પ્રસાદ ગ્રહણ કરીને વિશ્વ ઉમિયાધામને યાત્રાનું સ્થળ બનાવી મા ઉમિયા પ્રત્યેનો આપણો ભક્તિભાવ સમર્પિત કર્યો છે. આ કઠિન કામગીરીમાં, જેની ખૂબ જ મહત્ત્વની સેવા રહેલ છે તેવા ઉમા પ્રસાદમ્ કમિટીના ચેરમેન શ્રી રસિકભાઈ એ. પટેલ, શ્રી પ્રવિણભાઈ પટેલ, મંદિર કમિટી અને સેવા સમિતિના તમામ સ્વયંસેવક મિત્રોના સમર્પિત ભાવને બિરદાવતાં હર્ષની લાગણી અનુભવું છું.

(૬) ઉમાછત્ર યોજના (મા ઉમિયાનું સુરક્ષા કવચ) :

સમાજના જરૂરિયાતમંદ પરિવારોને જીવનના કપરા સંજોગોમાં આર્થિક સહારો મળી રહે અને કોઈ પરિવાર અચાનક આવતી આફતના કારણે વેરવિખેર ન થઈ જાય તેવા સેવા ભાવનાના હેતુથી ઉમાછત્ર યોજના 'મા ઉમિયાનું સુરક્ષા કવચ' સ્વરૂપ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી છે.

ઉમાછત્ર એટલે માત્ર એક યોજના નથી, પરંતુ મા ઉમિયાનું એવું સુરક્ષા કવચ છે, જે જરૂરિયાતના સમયે પરિવારને આર્થિક સંબળ, હિંમત અને આશા આપે છે. મા ઉમિયાના મંદિર નિર્માણમાં સંસ્થાએ નક્કી કરેલ લઘુત્તમ રકમનું દાન કરી આ યોજનાના સભ્ય બનનાર વ્યક્તિના આકસ્મિક અવસાનના સંજોગોમાં તેમના પરિવારને મા ઉમિયાના પ્રસાદરૂપે સંસ્થા દ્વારા રૂા. ૧૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. આવી કપરા સમયે રૂા. ૧૦ લાખની સહાય માત્ર રકમ નથી; તે મા ઉમિયાના આશીર્વાદરૂપે પરિવારને ફરી ઊભા થવાની હિંમત આપતું બળ છે. આ બળ થકી પરિવાર પોતાના જીવનને સંભાળી શકે, સંતાનોનું ભવિષ્ય સાચવી શકે અને દુ:ખની ઘડીમાંથી ધીમે ધીમે બહાર આવી શકે એ જ ઉમાછત્ર યોજનાનો સાચો હેતુ છે.

આ પવિત્ર અને સેવાભાવી યોજનામાં આજે ૩૦૦૦ થી વધુ સભ્યો જોડાઈ ચૂક્યા છે. આ તમામ સભ્યો અને તેમના પરિવારો પર જગતજનની મા ઉમિયાની અખંડ કૃપા બની રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં પાંચ સભ્યશ્રીઓના દુઃખદ અવસાનની ઘડીમાં તેમના પરિવારજનોને ઉમાછત્ર સહાય યોજના અંતર્ગત રૂા. ૧૦ લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા છે.

સદર યોજનાના પ્રભારી તરીકેની જવાબદારી વહન કરતાં શ્રી જયંતિભાઈ કે. પટેલ (લાકડાવાળા), ચેરમેનશ્રી જશુભાઈ પટેલ, કો-ચેરમેનશ્રી શ્રીમતી જાગૃતિબેન પટેલ તથા શ્રી દિનુભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમે કરેલ કામગીરીને હું હૃદયપૂર્વક બિરદાવી અભિનંદન પાઠવું છું. વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી ઉમાછત્રના પ્રભારીશ્રી તરીકે શ્રી જશુભાઈ પટેલ અને ચેરમેનશ્રી તરીકે શ્રી સંજયભાઈ ડી. પટેલની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૭) ઉમાસૃષ્ટિ :

આસ્થા - એકતા અને ઊર્જાના પાવન ધામ સમા વિશ્વ ઉમિયાધામમાં મંદિર નિર્માણની સાથે શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સ્પોર્ટ્સ, કલ્ચર સહિતની અનેકવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલી રહી છે. આ તમામ પ્રવૃત્તિઓની જાણકારી દરેક પરિવાર સુધી પહોંચે અને સમાજને ઉપયોગી જ્ઞાન, માર્ગદર્શન તથા પ્રેરણા પ્રાપ્ત થાય તેવા ઉમદા અભિગમ સાથે સંસ્થા દ્વારા દર માસે "ઉમાસૃષ્ટિ" મેગેઝીનનું પ્રકાશન કરવામાં આવે છે.

ઉમાસૃષ્ટિના દરેક અંકમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત સમાજ, શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર, જીવનમૂલ્યો, સફળતા અને વ્યક્તિ વિકાસને લગતા વિવિધ ઉપયોગી લેખો તથા માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આ વાંચન દ્વારા વ્યક્તિના જ્ઞાનમાં વધારો થાય, વિચારશક્તિ વિકસે અને આત્મવિશ્વાસનો દીપ પ્રજ્વલિત થાય તેવો સંસ્થાનો પ્રયાસ છે.

"ઉમાસૃષ્ટિ"ના તંત્રી તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી પ્રો. ડો. જે. એમ. પનારા સાહેબ (પૂર્વ પ્રિન્સિપાલ, કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ) એ સ્વીકારી છે, તેમની જ્ઞાનસંપન્નતા, અનુભવ અને સમયદાન બદલ સંસ્થા વતી તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું તેટલો ઓછો છે. આ મેગેઝીનમાં પોતાના વ્યવસાયિકોના જાહેરાતના માધ્યમથી સહયોગ મળેલ છે તેમનો પણ વિશેષ આભાર માનું છું.

સાથે સાથે, જે ઉદ્યોગસાહસિકો, વેપારીઓ, વ્યવસાયિક મિત્રો તથા કંપનીઓ પોતાની સંસ્થાની જાહેરાત "ઉમાસૃષ્ટિ"માં આપીને સમાજસેવામાં સહભાગી બનવા ઈચ્છતા હોય, તે સર્વેને ઉમાસૃષ્ટિના માધ્યમથી પોતાના વ્યવસાયને પ્રોત્સાહન આપવા સાથે સામાજિક દાયિત્વ નિભાવી મા ઉમિયાના કૃપાપાત્ર બને તેવી અપીલ કરું છું.

(૮) ધોરણ - ૧૨ પછી શું → UPSC ડિગ્રી એડમીનીસ્ટ્રેશન કોર્ષ :

જ્યારે બાળક ધોરણ - ૧૦માં પ્રવેશ કરે છે ત્યારે પરિવારની ચર્ચાનો એક મુખ્ય પ્રશ્ન હોય છે : "ધોરણ-૧૨ પછી શું કરવું ? કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી?" ડોક્ટર, એન્જિનિયર કે બિઝનેસમેન બનવા માટે વિવિધ ડિગ્રી કોર્સ ઉપલબ્ધ છે, પરંતુ વહીવટી અધિકારી બનવા માટે કોઈ વિશિષ્ટ ડિગ્રી કોર્ષ ઉપલબ્ધ નથી.

આ જ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ગત વર્ષથી "ગ્રેજ્યુએશન ઈન સિવિલ સર્વિસીસ" નામનો ચાર વર્ષનો વિશિષ્ટ ડિગ્રી એડમીનીસ્ટ્રેશન કોર્ષ શરૂ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમ માટે સંસ્થાએ ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રીસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર સાથે એમ.ઓ.યુ. કર્યું છે. આ કોર્ષમાં વિદ્યાર્થીઓને ચાર વર્ષ દરમિયાન માત્ર ડિગ્રી અભ્યાસ જ નહીં, પરંતુ યુ.પી.એસ.સી./જી.પી.એસ.સી. જેવી સિવિલ પરીક્ષાઓને કેન્દ્રમાં રાખીને જ્ઞાન, વિશ્લેષણાત્મક ક્ષમતા, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, સંચાર કૌશલ અને વહીવટી દૃષ્ટિકોણ વિકસાવવા માટે માર્ગદર્શન તેમજ તાલીમ પણ આપવામાં આવશે.

IAS, IPS, IFS સહિતની પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીમાં કારકીર્દિ બનાવવાનું સ્વપ્ન ધરાવતાં વિદ્યાર્થીઓ માટે આ કોર્ષ એક અનોખી અને સુવર્ણ તક છે. ખાસ કરીને ધોરણ-૧૨ પછીથી જ યોગ્ય દિશામાં તૈયારી શરૂ કરવા માગતા વિદ્યાર્થીઓને આ કોર્ષ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ કોર્ષ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ - તમામ સ્ટ્રીમના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે.

(૯) યુ.એસ.એ. - કેનેડા - યુ.કે. - ન્યુઝીલેન્ડમાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓને મદદ :

ગુજરાતના દીકરા-દીકરીઓ જ્યારે પ્રથમવાર વિદેશમાં અભ્યાસ અર્થે જાય છે ત્યારે નવા દેશ, નવી પરિસ્થિતિ અને અજાણ્યા વાતાવરણને કારણે તેમને શરૂઆતના સમયમાં રહેવા-જમવા સહિતની અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બીજી તરફ, પોતાના સંતાનો પ્રથમવાર વિદેશ જતા હોવાથી વાલીઓ પણ સતત ચિંતિત રહે છે.

આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને વિદેશમાં પણ પારિવારિક હૂંફ, સહકાર અને માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુ સાથે સંસ્થાએ એક અનોખી પહેલમાં યુ.એસ.એ., કેનેડા, યુ.કે. અને ન્યુઝીલેન્ડમાં અભ્યાસ અર્થે જતા ગુજરાતી વિદ્યાર્થીઓને જે તે દેશમાં સંસ્થા સાથે જોડાયેલા મા ઉમિયાના સેવકોની ટીમ દ્વારા શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

આ સેવાભાવી ટીમો પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢીને વિદેશ આવતા વિદ્યાર્થીઓને એરપોર્ટ પરથી લેવા-મૂકવાની વ્યવસ્થા, રહેવા-જમવાની હંગામી સુવિધા તેમજ શરૂઆતના દિવસોમાં જરૂરી માર્ગદર્શન અને સહકાર પૂરો પાડે છે. આ સેવાકાર્યના કારણે વિદેશ જતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ખૂબ મોટી હૂંફ અને નિશ્ચિતતાનો અનુભવ થયો છે.

ગૌરવની લાગણી સાથે જણાવતા આનંદ થાય છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આપણી સંસ્થામાં રજીસ્ટ્રેશન કરાવેલ છે, જેમાં આપણી સંસ્થાની ટીમ દ્વારા શક્ય તેટલી મદદ અને સહકાર આપવામાં આવ્યો છે. આ નિ:સ્વાર્થ સેવાકાર્યમાં જોડાયેલા મા ઉમિયાના તમામ સેવાભાવી ભાઈ-બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને તેમની સેવા, સમર્પણ અને માનવતાની આ ભાવના ખરેખર સંસ્થાની વિચારધારાનું ગૌરવ વધારનારી છે.

(૧૦) ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ (GBN) :

વિશ્વભરમાં પથરાયેલા સમાજના યુવા ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિક મિત્રો વચ્ચે વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ થાય, પરસ્પરમાં વિશ્વાસનું નિર્માણ થાય તેવા ઉદ્દેશ સાથે સંસ્થા દ્વારા ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ (GBN) નામનું એક ઉત્તમ અને ઉપયોગી પ્લેટફોર્મ ઊભું કરવામાં આવ્યું છે.

આ પ્લેટફોર્મના માધ્યમથી યુવા ઉદ્યોગસાહસિકો તથા વ્યવસાયિક મિત્રો પોતાના વ્યવસાય, પ્રોડક્ટ્સ અને સેવાઓને વૈશ્વિક સ્તરે રજૂ કરી શકે છે અને એકબીજાના અનુભવ, જ્ઞાન તથા નેટવર્કનો લાભ લઈ શકે છે. આજે અનેક વ્યવસાયિક મિત્રો આ પ્લેટફોર્મનો લાભ લઈ રહ્યા છે, જે ખરેખર આનંદ અને ગૌરવની વાત છે.

આવા ઉમદા અને દૂરંદેશી વિચારને સાકાર કરવામાં તેમજ વધુમાં વધુ વ્યવસાયિક મિત્રો અને યુવા ઉદ્યોગ સાહસિકોને આ વૈશ્વિક નેટવર્ક સાથે જોડવામાં જેમનું યોગદાન અત્યંત સરાહનીય અને પ્રશંસનીય રહ્યું છે, તેવા શ્રી ચિંતનભાઈ જે. પનારા, શ્રી પ્રદિપભાઈ બુટાણી, શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) - યુ.એસ.એ. તથા તેમની સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવતાં અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

(૧૧) ઉમિયા અદાલત - લીગલ સેલ :

આજના સમયમાં પરિવાર, મિલકત, વ્યવસાય, સામાજિક સંબંધો તેમજ અન્ય કાયદાકીય બાબતોને લગતા વિવાદોના નિરાકરણ માટે લોકો લાંબી કોર્ટ પ્રક્રિયામાંથી પસાર થતા હોય છે અને વર્ષો સુધી ચાલતી કાયદાકીય પ્રક્રિયાને કારણે સમય, નાણાં અને માનસિક શાંતિ પર અસર કરે છે. પરિણામે અનેક પરિવારોમાં સંબંધો અને પરસ્પર વિશ્વાસ પણ નબળા પડતા હોય છે.

આ પરિસ્થિતિમાં "વિવાદ કરતાં સંવાદ શ્રેષ્ઠ અને સંઘર્ષ કરતાં સમાધાન વધુ અસરકારક" એવા વિચાર સાથે વિશ્વ ઉમિયાધામ દ્વારા "ઉમિયા અદાલત - લીગલ સેલ" ની સેવાકીય પ્રવૃત્તિ અવિરતપણે ચાલી રહેલ છે. આ પહેલનો મુખ્ય હેતુ કાયદાકીય માર્ગદર્શન સાથે લોકોમાં સંવાદ, સમાધાન અને પરસ્પર સહમતિની સંસ્કૃતિ વિકસાવવાનો છે. કોઈ વ્યક્તિ કે

પરિવાર કોર્ટ-કચેરીના વિવાદમાં ફસાયો હોય અને પરસ્પર સમજૂતીથી ઉકેલ મેળવવાની ઈચ્છા ધરાવતો હોય ત્યારે વિશ્વસનીય મધ્યસ્થી અને કાયદાકીય નિષ્ણાતોના માર્ગદર્શન દ્વારા યોગ્ય ઉકેલ તરફ આગળ વધવા માટે સહાય પૂરી પાડવામાં આવે છે.

સંસ્થાનો હેતુ કોઈપણ પક્ષના હિતમાં નિર્ણય આપવાનો નહીં, પરંતુ ન્યાયસંગતતા, પારદર્શિતા, વિશ્વાસ અને પરસ્પર સંમતિના આધારે વિવાદનું યોગ્ય નિરાકરણ શોધવામાં સહયોગ કરવાનો છે. "કોર્ટ સુધી પહોંચતા પહેલાં સંવાદનો માર્ગ અપનાવો અને સંબંધો તૂટે તે પહેલાં સમાધાનનો પ્રયાસ કરો" - આ વિચારને સાકાર કરતી આ પહેલ સમાજમાં શાંતિ, પરિવારની એકતા અને પરસ્પર વિશ્વાસ જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

આ સેવાકીય કાર્યની જવાબદારી સંભાળતા ઉમિયા અદાલત તથા એડવોકેટ સેલના ચેરમેનશ્રી સંજયભાઈ ટી. પટેલ, તેમજ લીગલ કમિટીના ચેરમેનશ્રી એમ. એન. પટેલ (રીટાયર્ડ ડી.વાય.એસ.પી.) અને તેમની સમગ્ર ટીમ દ્વારા નિષ્ઠાપૂર્વક અને સેવાભાવથી કરવામાં આવી રહેલી કામગીરી બદલ તમામને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

(૧૨) આરોગ્ય સહાય યોજના :

"સ્વસ્થ સમાજ – સશક્ત સમાજ" ના સંકલ્પ સાથે સંસ્થા દ્વારા ચાલતી આરોગ્ય સહાય યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ટી.બી.ને સમગ્ર દેશમાંથી નાબૂદ કરવાના આહવાનના આ અભિયાનમાં સંસ્થા દ્વારા ટી.બી.ના દર્દીઓને મદદરૂપ થવાના ભાગરૂપે ૯૫ થી વધારે દર્દીઓને દત્તક લીધેલ છે, જેમને દર મહિને ન્યુટ્રીશીયન કીટનું વિતરણ સંસ્થા દ્વારા સરકારના માધ્યમથી કરવામાં આવે છે. એક પ્રકારે સામાજીક દાયિત્વના ભાગરૂપે આપણી સંસ્થા આરોગ્ય ક્ષેત્રે એક અનોખું કાર્ય કરી રહેલ છે.

આ ઉપરાંત સંસ્થા દ્વારા વિવિધ જિલ્લા અને તાલુકા કક્ષાએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થઈ શકે. કુદરતી આપત્તિ, પૂર જેવી કટોકટીની પરિસ્થિતિઓમાં સંસ્થાની સંગઠન ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ફૂડ પેકેટ જેવી જીવનજરૂરી સામગ્રીનું વિતરણ કરીને રાહત અને માનવતાની સેવા કરવામાં આવે છે.

આ સેવાયજ્ઞને વધુ વિસ્તૃત બનાવવા માટે સમાજના દાતાશ્રીઓ, સેવાભાવી વ્યક્તિઓ અને સંસ્થાઓનો સહયોગ આવકાર્ય છે. આરોગ્ય માટેનું આપનું દાન કોઈ પરિવાર માટે સારવારનો સહારો અને કોઈ જરૂરિયાતમંદ માટે જીવનની નવી આશા બની શકે છે. આ યોજનમાં જે કોઈ મિત્રો સહયોગી બનેલ છે તે તમામ મિત્રોને બિરદાવી અભિનંદન પાઠવું છું.

(૧૩) અદ્યતન આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ મેડીકલ વાનની સેવાઓ :

"આરોગ્યની સેવા જ્યાં જરૂરિયાત, ત્યાં પહોંચે" ના સંકલ્પ સાથે સમાજના જરૂરિયાતમંદ પરિવારોને ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે આરોગ્યની સારવાર ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ઉપલબ્ધ થઈ શકે તેવા શુભ આશયથી આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ મેડીકલ વાનની એક અનોખી સેવાઓ સંસ્થા દ્વારા અવિરતપણે ચાલી રહેલ છે.

આ સેવા માત્ર એક મેડીકલ મોબાઈલ વાન નથી, પરંતુ હોસ્પિટલ સુધી દર્દી પહોંચે તેની રાહ જોવાને બદલે જરૂરિયાતના સમયે તાત્કાલિક પ્રાથમિક સારવાર અને જરૂરી તબીબી સહાય સ્થળ પર જ મળી રહે અને દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડવાનો માનવતાભર્યો પ્રયાસ છે.

આ અંતર્ગત સંસ્થાએ દક્ષિણ ગુજરાતમાં બે અને ઉત્તર ગુજરાતમાં એક એમ કુલ ત્રણ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ મેડીકલ વાન દ્વારા આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. આ વાન દ્વારા જરૂરિયાત મુજબ ગ્રામ્ય વિસ્તારો, શહેરી વિસ્તારો તથા આરોગ્ય સેવાઓથી વંચિત વિસ્તારો સુધી પહોંચી આરોગ્ય સેવાનો લાભ અવિરતપણે આપવામાં આવી રહેલ છે. આ સેવાકાર્ય માટે સંસ્થાને મોબાઇલ મેડિકલ વાન અર્પણ કરનાર તમામ દાતાશ્રીઓ પ્રત્યે સંસ્થા હૃદયપૂર્વક આદર અને આભારની લાગણી વ્યક્ત કરે છે.

(૧૪) મેટ્રી મોનિયલ સર્વિસીસ :

"સારા સંબંધોનું જોડાણ" ના વિચાર સાથે સંસ્થા દ્વારા સમાજના દિકરા - દિકરીઓ તેમજ તેમના પરિવારોને જે તે વ્યક્તિની કૌટુંબિક તેમજ વ્યવસાયિક માહિતી વિગતવાર મળી રહે અને તેવા પરિવારો લગ્ન સંબંધોથી જોડાય તે પ્રકારની મેટ્રીમોનિયલ ઓનલાઈન - ઓફ્લાઈન સેવાઓ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવી રહેલ છે. જેમાં વધુને વધુ પરિવારો પોતાના દિકરા - દિકરીઓના બાયોડેટા મોકલી આપે તેવી નમ્ર વિનંતી કરું છું.

આ સેવા માત્ર લગ્ન સંબંધો જોડવાનું માધ્યમ નથી, પરંતુ બે વ્યક્તિઓ સાથે બે પરિવારો અને બે પરિવારો સાથે સમગ્ર સમાજને જોડતી એક વિશ્વસનીય સામાજિક પહેલ છે. પરિવારની સંમતિ, યોગ્ય માહિતી અને પરસ્પર સમજણને પ્રાથમિકતા આપી સંબંધોને આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સેવામાં સમર્પિત ભાવથી જોડાયેલ મેટ્રીમોનીલય સર્વિસીસના ચેરમેનશ્રી જગદીશભાઈ બી. દેસાઈ તેમજ શ્રી અનિલભાઈ વિ. પટેલની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવું છું.

(૧૫) યૂથ કનેક્ટ યોજના :

"યુવા શક્તિ - રાષ્ટ્ર શક્તિ" ના વિચાર સાથે સંસ્થાની વિચારધારા અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સમાજના યુવા વર્ગને સક્રિય રીતે જોડવા માટે "યુથ કનેક્ટ યોજના" શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત સમાજની કોઈપણ વ્યક્તિ પોતાની બૌદ્ધિક, વૈચારિક તેમજ આર્થિક ક્ષમતા મુજબ સંસ્થા સાથે નિયમિત રીતે જોડાઈ શકે છે. સભ્ય પોતાની અનુકૂળતા મુજબ નક્કી કરેલી રકમનું નિયમિત યોગદાન સંસ્થાના અધિકૃત બેંક ખાતામાં દર મહિને જમા કરાવીને આ સેવાયાત્રામાં સહભાગી બની શકે છે.

આ પહેલનો વિશેષ ઉદ્દેશ માત્ર આર્થિક યોગદાન મેળવવાનો નથી, પરંતુ "નાની-નાની સહભાગિતાથી મોટી સામાજિક પરિવર્તન શક્તિ ઊભી કરી શકાય. દરેક સભ્યનું નિયમિત યોગદાન સંસ્થાની શિક્ષણ, આરોગ્ય, યુવા સશક્તિકરણ, સમાજસેવા, પર્યાવરણ અને અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવામાં સહયોગી બને છે.

યુથ કનેક્ટ દ્વારા યુવાનોને માત્ર દાતા તરીકે નહીં, પરંતુ વિચાર, સમય, કૌશલ્ય અને સેવાભાવથી જોડાયેલા "પરિવર્તનમાં સહભાગી" થવાનો અને સમાજના સર્વાંગી વિકાસમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવે તેવો સંસ્થાનો સંકલ્પ છે.

(૧૬) QMS કામગીરી :

"ગુણવત્તા એ માત્ર પ્રમાણપત્ર નહીં, પરંતુ સતત સુધારાની સંસ્કૃતિ છે." આ વિચાર સાથે સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં વ્યવસ્થિતતા, પારદર્શિતા, જવાબદારી અને ગુણવત્તાયુક્ત કાર્યપદ્ધતિ જળવાઈ રહે તે માટે Quality Management System (QMS) ને મહત્વપૂર્ણ આધારસ્તંભ તરીકે વિકસાવવામાં આવ્યો છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને નિર્ધારિત ગુણવત્તા ધોરણો અનુસાર સુવ્યવસ્થિત બનાવવા માટે સંસ્થાએ ISO 9001:2015 નું પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. આ પ્રમાણપત્ર માત્ર સંસ્થાની કાર્યપદ્ધતિની ગુણવત્તાનું પ્રતિબિંબ નથી, પરંતુ સતત સુધારણા, પ્રક્રિયાત્મક શિસ્ત અને લાભાર્થી કેન્દ્રિત સેવાઓ પ્રત્યેની સંસ્થાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સદર કાર્યમાં QMS ચેરમેનશ્રી કનુભાઈ સી. પટેલ, શ્રી નિખિલભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ સમગ્ર ટીમના અથાગ પ્રયાસોથી સંસ્થાની કાર્યપ્રણાલી સુચારુરૂપ વહન થઈ રહેલ છે, તે બદલ તમામ પ્રત્યે ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવું છું.

(૧૭) સંસ્થાના વિભિન્ન પેટા કાર્યાલયની સરાહનીય કામગીરી :

"કાર્યાલય એટલે માત્ર ચાર દીવાલો અને વ્યવસ્થાપનનું સ્થળ નહીં, પરંતુ સેવા, સંકલન, સંવાદ અને સમાજસેવાની જીવંત ઘરી." વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના વિવિધ કાર્યાલયો સંસ્થાની વિચારધારા અને સેવાકીય પ્રવૃત્તિઓને સમાજના અંતિમ

વ્યક્તિ સુધી પહોંચાડવાના "સેવા કેન્દ્રો" તરીકે સતત કાર્યરત છે. સમાજબંધુઓ સાથે સતત સંપર્ક, તેમની જરૂરિયાતોને સમજવી, સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ સાથે તેમને જોડવા તેમજ સેવા અને સંગઠનને વધુ સુદૃઢ બનાવવામાં આ કાર્યાલયો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

સંસ્થાના કાર્યાલયોથી સેવા સાથે સંવાદ, સંવાદ સાથે સંકલન અને સંકલન સાથે સંગઠનની ભાવનાને સાકાર કરવામાં આવી રહી છે. મા ઉમિયાના આશીર્વાદ અને સમાજના સહયોગથી આ કાર્યાલયો ભવિષ્યમાં પણ વધુ વિસ્તૃત સેવાકાર્યો માટે સમાજ અને સંસ્થા વચ્ચેના સેતુરૂપ કેન્દ્રો બનીને કાર્ય કરતા રહેશે, તે અંતર્ગત...

VUF - અમદાવાદ પૂર્વ કાર્યાલય ભવન :

સદર કાર્યાલયના માધ્યમથી કાર્યાલય ખાતે વિવિધ બેઠકો, સેવાકીય કાર્યક્રમો, સામાજિક પ્રવૃત્તિઓ અને સંગઠનલક્ષી કાર્ય નિયમિત પણે યોજાઈ રહ્યા છે. વિશેષરૂપે દર શનિવારે મા ઉમિયાની આરતીનું આયોજન કરી કાર્યાલયને આધ્યાત્મિક ઊર્જા અને ભક્તિમય વાતાવરણથી જીવંત રાખવામાં આવે છે. સાથે સાથે સમાજના લોકો સાથે સતત સંવાદ, સંકલન અને સહભાગિતાના માધ્યમથી કાર્યાલયને સમાજસેવાનું સક્રિય કેન્દ્ર બની રહેલ છે.

આ કાર્યાલયની પ્રવૃત્તિઓને સતત ગતિશીલ અને સક્રિય રાખવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર શ્રી વાડીભાઈ પી. પટેલની અધ્યક્ષતા હેઠળ તથા કાર્યાલય મંત્રીશ્રી મનોહરભાઈ એમ. પટેલના માર્ગદર્શન અને સમગ્ર પૂર્વ વિસ્તારના દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના તમામ કાર્યકર મિત્રોની નિષ્ઠા, સેવાભાવ, સમર્પણ અને અમૂલ્ય સહયોગ બદલ હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવું છું.

VUF - સુરત કાર્યાલય ભવન :

સદર કાર્યાલયથી "સેવા જ્યાં જરૂરિયાત, ત્યાં સહયોગ" ના સંકલ્પ સાથે દક્ષિણ ગુજરાતના સમાજબંધુઓને સંસ્થાની વિવિધ સેવાઓનો સરળતાથી લાભ મળે તેમજ વિવિધ બેઠકો, સેવાકીય કાર્યક્રમો, સામાજિક પ્રવૃત્તિઓ અને સંગઠનલક્ષી કાર્ય નિયમિત પણે યોજાઈ રહ્યા છે અને વધુમાં જરૂરિયાતમંદ પરિવારોને રાહત દરે દવાઓ મળી રહે તે માટે મેડીકલ સ્ટોરની પણ સેવાઓ અવિરતપણે પૂરી પાડવામાં આવી રહેલ છે

આ સેવાકાર્યમાં સંસ્થાના મંત્રી શ્રી દામોદરભાઈ બી. ભાવાણીના માર્ગદર્શન, શ્રી સુરેશભાઈ એ. પટેલની અધ્યક્ષતામાં અને શ્રી રમેશભાઈ પારસિયા, શ્રી વિવેકભાઈ પટેલ તેમજ કાર્યાલય મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ, શ્રી નરેશભાઈ પટેલ અને શ્રી જીગ્નેશભાઈ પટેલ તેમજ સુરતના દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના તમામ કાર્યકર મિત્રોના સહયોગથી સેવાકીય કાર્યને આગળ ધપાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર તમામ મિત્રોને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવી બિરદાવું છું.

VUF - મહેસાણા કાર્યાલય ભવન :

"સંગઠનથી સંકલન અને સંકલનથી સેવા" ના વિચાર સાથે સંસ્થાની પ્રવૃત્તિઓને વધુ વેગવંતી અને સક્રિય બનાવવા તથા મહેસાણા પંથકના રહીશોને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો સરળતાથી લાભ મળી રહે તેમજ સંસ્થાની વિચારધારામાં સહયોગી બનાવવાના ઉમદા ઉદ્દેશ સાથે તેમજ સમાજના લોકો સાથે સીધું જોડાણ, સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન, કાર્યકરો વચ્ચે સંકલન અને નવી પહેલોના અમલીકરણ માટેનું "સેવા અને સંગઠન કેન્દ્ર" બનાવવાની દિશામાં સતત સદર કાર્યાલયના માધ્યમથી વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહેલ છે.

આ સેવા મહાયજ્ઞમાં સેવા આપી રહેલ મહેસાણા જીલ્લાના પ્રભારી શ્રી વી. કે. પટેલની અધ્યક્ષતામાં શ્રી રાકેશભાઈ વી. પટેલ - ચેરમેનશ્રી, શ્રી ગણપતભાઈ પટેલ - મહામંત્રીશ્રી, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના તમામ કાર્યકર મિત્રો તેમજ કાર્યાલય સહયોગી દાતાઓના સહયોગથી કાર્યાલય નિભાવવાની જવાબદારી નિઃસ્વાર્થભાવે વહન કરી રહ્યા છે તે તમામ મિત્રોને હૃદયના ઊંડાણથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

VUF - વડોદરા કાર્યાલય ભવન :

"સંગઠન જ્યાં મજબૂત બને, ત્યાં સેવા વધુ વ્યાપક બને" ના સંકલ્પ સાથે વડોદરા શહેરમાં સંસ્થાની સેવાકીય, સામાજિક અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ વધુ સુવ્યવસ્થિત રીતે આગળ વધારવા તથા વડોદરા શહેર તેમજ આસપાસના વિસ્તારોના રહીશોને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મળી રહે તેવા શુભ આશય સાથે વડોદરા કાર્યાલયનો શુભારંભ તા.૦૭-૧૦-૨૦૨૫ ના રોજથી કરવામાં આવેલ છે.

સદર કાર્યાલયની નિ:સ્વાર્થભાવે જવાબદારી વહન કરનાર વડોદરાના ચેરમેનશ્રી પિનાકીનભાઈ પટેલ, પૂર્વ ઝોન પ્રભારીશ્રી, શૈલેષભાઈ પટેલ, ખજાનચીશ્રી વિજયભાઈ પટેલ, મહામંત્રીશ્રી લાલાભાઈ પટેલ, યુવા સંગઠન ચેરેમનશ્રી ચિરાગભાઈ પટેલ તથા દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના તમામ કાર્યકર મિત્રોના સહયોગથી કાર્યાલયનું સુચારુ રૂપે સંચાલન થઈ રહેલ છે, તે બદલ તમામ મિત્રોને હૃદયના ઊંડાણથી ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવું છું.

મા ઉમિયાના દર્શનાર્થે / સંસ્થાની મુલાકાતે વર્ષ દરમિયાન પધારેલ વિશેષ મહેમાનશ્રીઓ

માન. સહકારી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ : (તા. ૨૮-૧૨-૨૦૨૫)

આત્મનિર્ભર ભારતના મંત્રને સાકાર કરવા સંસ્થાના યુવા સંગઠન દ્વારા સમાજના ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ ક્ષેત્રે મદદરૂપ થવાના ભાગરૂપે "બિઝનેસ નેટવર્ક એપ્લિકેશનનું લોન્ચિંગ" ભારત સરકારના સહકારી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ્‌હસ્તે રપ હજાર જેટલાં ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ અને જગતજનની મા ઉમિયાના નિર્માણાધીન મંદિરનું શિલાપૂજન કરી, મંદિર કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી.

વિશ્વ ઉમિયાધામની બિઝનેસ નેટવર્ક એપ્લિકેશન આત્મનિર્ભર ભારત અભિયાન માટે ખૂબ જ ઉપયોગ સાબિત થશે અને ધંધા-રોજગારને વેગ મળશે. સનાતન ધર્મનું કેન્દ્ર એવું મા ઉમિયાનું મંદિર સમાજ - શિક્ષણ - અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિનું ધામ બની રહેશે. આ ગગનચુંબી મંદિરનું કાર્ય જલ્દીથી જલ્દી પૂરું થાય તેવા સંકલ્પ સાથે રૂડી ભાવના વ્યક્ત કરેલ. સંસ્થાને માન. ગૃહમંત્રી સાહેબશ્રીનો હરહંમેશ સાથ અને સહકાર મળતો રહ્યો છે, તે બદલ તેમનો વિશેષ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

માન. મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયા : (તા. ૦૯-૦૧-૨૦૨૬)

ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા રમત-ગમત માન. મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયા વિશ્વ ઉમિયાધામની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતાં. મુલાકાત દરમિયાન તેમણે મા ઉમિયાના દર્શન, પૂજન અને અર્ચન કરી મા ઉમિયાના મંદિર નિર્માણની સાઈટ વિઝિટ કરી ધન્યતા અનુભવી હતી. વિશ્વ ઉમિયાધામની ભવ્ય સંકલ્પના અને ભારતીય સંસ્કૃતિ તથા આધ્યાત્મિક મૂલ્યોના સંવર્ધન માટે થઈ રહેલા પ્રયાસોથી તેઓ પરિચિત થયા હતાં.

લંડન (યુ.કે.) હેરો શહેરના મેયર કાઉન્સિલર અંજનાબેન પટેલ (તા. ૧૦-૦૧-૨૦૨૬)

લંડન - હેરો શહેરના મેયર કાઉન્સિલર અંજનાબેન પટેલ કે જેઓ એન.આર.આઈ. સ્નેહમિલન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં તેમણે મંદિર નિર્માણની મુલાકાત લીધી, ત્યારબાદ પૂજા - અર્ચના કરી ધન્યતા અનુભવી હતી અને સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત આ મહાયજ્ઞમાં સહયોગી થવાની રૂડી ભાવના વ્યક્ત કરેલ.

માન. કેન્દ્રિય રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી : (તા. ૦૩-૦૭-૨૦૨૬)

માન. કેન્દ્રિય રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી વિશ્વ ઉમિયાધામ - અમદાવાદની મુલાકાતે પધારેલ. જ્યાં તેઓએ જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે તેમણે સંસ્થાની 'Youth Empowerment' પહેલ અંતર્ગત વ્યાપારને સશક્ત બનાવવા માટે શરૂ કરાયેલા VIBOS ઉપક્રમને પોતાની શુભકામનાઓ પાઠવી હતી, સાથે જ વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) નિર્માણાધીન શિવ અને શક્તિ એટલે કે જગતજનની મા ઉમિયાના મંદિરની કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લીધી હતી અને સંસ્થાની આ વિચારધારાથી પ્રભાવિત થઈ મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરી હતી.

શ્રી યાનિવ રેવાચ - ઈઝરાયલ કોન્સ્યુલ જનરલ (મુંબઈ) (તા. ૧૦-૦૭-૨૦૨૬)

ભારતના મુંબઈ ખાતેના ઈઝરાયેલના કોન્સ્યુલ જનરલશ્રી યાનિવ રેવાચે (Mr. Yaniv Revach) વિશ્વ ઉમિયાધામની મુલાકાતે પધારેલ, જ્યાં તેઓએ જગતજનની મા ઉમિયાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખશ્રી દિપકભાઈ પટેલે સંસ્થાના વિઝન - મિશન, વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા, જેનાથી પ્રભાવિત થઈ પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

(૪) વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલ અન્ય પ્રવૃત્તિઓ - વિવિધ બેઠકો

(૧)	તા.૦૫-૦૪-૨૦૨૫	:	દુબઈ આર્કિટેક વિશ્વ ઉમિયાધામના પ્રોજેક્ટની મુલાકાતે
(૨)	તા.૦૬-૦૪-૨૦૨૫	:	રામનવમી પર્વ નિમિત્તે પૂજા - અર્ચના
(૩)	તા.૧૨-૦૪-૨૦૨૫	:	ચૈત્રી પૂનમના દિવસે નવચંડી યજ્ઞ
(૪)	તા.૧૩-૦૪-૨૦૨૫	:	શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - મહેસાણા
(૫)	તા.૧૫-૦૫-૨૦૨૫	:	ધોળકા ખાતે દિવ્યરથનું પરિભ્રમણ
(૬)	તા.૨૪-૦૫-૨૦૨૫	:	ભુજ તાલુકા મહિલા સંગઠન દ્વારા રક્ષાશક્તિ કાર્યક્રમ
(૭)	તા.૦૭-૦૬-૨૦૨૫	:	ઉમા શિક્ષણ સહાય યોજના અંતર્ગત - ભલામણ પત્ર એનાયત
(૮)	તા.૦૮-૦૬-૨૦૨૫	:	પાટડી દરબાર સમાજના પુસ્તકનું વિમોચન
(૯)	તા.૧૨/૧૩-૦૬-૨૦૨૫	:	વિમાન દુર્ઘટનામાં દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના.
(૧૦)	તા.૨૧-૦૬-૨૦૨૫	:	સારસ્વત ચિંતન શિબિર
(૧૧)	તા.૨૧-૦૬-૨૦૨૫	:	યોગ દિવસની ઉજવણી
(૧૨)	તા.૨૫-૦૬-૨૦૨૫	:	VIBES ના નવીન અનંતા - રાજકોટ ચેપ્ટરનો શુભારંભ
(૧૩)	તા.૨૭-૦૬-૨૦૨૫	:	ભગવાન જગન્નાથજી રથયાત્રા
(૧૪)	તા.૦૫-૦૭-૨૦૨૫	:	સુરત ખાતે સર્વ સમાજના હોદ્દેદારશ્રીઓની મીટિંગ
(૧૫)	તા.૦૫-૦૭-૨૦૨૫	:	સુરત - નવસારી - વડોદરા સંગઠનના હોદ્દેદારશ્રીઓને પદભાર પત્ર એનાયત
(૧૬)	તા.૧૦-૦૭-૨૦૨૫	:	ગુરુપૂર્ણિમાના દિવસે નવચંડી યજ્ઞ - ધર્મગ્રંથોનું પૂજન
(૧૭)	તા.૧૨-૦૭-૨૦૨૫	:	VIBES લીડરશીપ ટીમ ટ્રેઈનીંગ પ્રોગ્રામ
(૧૮)	તા.૧૯-૦૭-૨૦૨૫	:	યુવા સંગઠન પદભાર સમારોહ
(૧૯)	તા.૧૫-૦૮-૨૦૨૫	:	સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન
(૨૦)	તા.૧૬-૦૮-૨૦૨૫	:	કૃષ્ણ જન્મોત્સવ મહોત્સવ

(૨૧) તા.૨૩-૦૮-૨૦૨૫ : VIBES ના વશિષ્ઠ ચેપ્ટરનો શુભારંભ - સુરત

(૨૨) તા.૨૭-૦૮-૨૦૨૪ : ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન ગણેજીની પૂજા - અર્ચના

(૨૩) તા.૩૧-૦૮-૨૦૨૫ : સંસ્થાની કારોબારી મીટિંગ

(૨૪) તા.૦૧-૦૯-૨૦૨૫ : મંદિર નિર્માણમાં સહયોગી શ્રમિકોને પ્રસાદીનું વિતરણ

(૨૫) તા.૦૫-૦૯-૨૦૨૫ : કેન્દ્રિય સંગઠન મીટિંગ

(૨૬) તા.૧૪-૦૯-૨૦૨૫ : રક્ષા - દિક્ષા મહોત્સવ @ ભુજ

(૨૭) તા.૧૫-૦૯-૨૦૨૫ : મા ઉમિયાના મંદિર નિર્માણનો રાફ્ટ કાસ્ટિંગ

(૨૮) તા.૨૧-૦૯-૨૦૨૫ : સંસ્થાની વાર્ષિક સાધારણ સભા

(૨૯) તા.૨૨/૨૯-૦૯-૨૦૨૫ : વાઈબ્સ દ્વારા નવરાત્રી "મા નો માંડવો"

(૩૦) તા.૦૧-૧૦-૨૦૨૫ : નવરાત્રિ પર્વ પર કન્યાપૂજન

(૩૧) તા.૦૭-૧૦-૨૦૨૫ : સંસ્થાના નવીન કાર્યાલયનો શુભારંભ @ વડોદરા

(૩૨) તા.૦૯-૧૦-૨૦૨૫ : કેન્દ્રિય યુવા સંગઠન મીટિંગ

(૩૩) તા.૧૨-૧૦-૨૦૨૫ : કાંઠા જીલ્લા મોદી સમાજનો પરિવાર મા ઉમિયાના દર્શનાર્થે

(૩૪) તા.૧૨-૧૦-૨૦૨૫ : સંપાદન શિબિર

(૩૫) તા.૨૨-૧૦-૨૦૨૫ : નૂતન વર્ષે મા ઉમિયાના અન્નકૂટ મહોત્સવ

(૩૬) તા.૨૫-૧૦-૨૦૨૫ : શ્રી ઉમિયા માતાજી મંદિર - ઊંઝા ખાતે ધ્વજારોહણ

(૩૭) તા.૩૦-૧૦-૨૦૨૫ : એકતા પંથ પ્રેરણા સંમેલન @ મહિસાગર

(૩૮) તા.૦૨-૧૧-૨૦૨૫ : તુલસી વિવાહ - વિશ્વ ઉમિયાધામ

(૩૯) તા.૦૫-૧૧-૨૦૨૫ : VUF ન્યુઝીલેન્ડ ખાતે સ્નેહમિલનનું આયોજન

(૪૦) તા.૦૫-૧૧-૨૦૨૫ : દેવ - દિવાળી પૂનમના દિવસે નવચંડી યજ્ઞ

(૪૧) તા.૦૫-૧૧-૨૦૨૫ : કાર્યકર્તા સ્નેહમિલન સમારોહ

(૪૨) તા.૭/૨૦-૧૧-૨૦૨૫ : સંસ્થાના હોદ્દેદારશ્રીઓનો યુ.કે.પ્રવાસ

(૪૩) તા.૨૭-૧૧-૨૦૨૫ : શ્રી ઉમિયા માતાજી મંદિર - ઊંઝા , મૂળ સ્થાનક ગાંખ મંદિરના પ્રાણ-પ્રતિષ્ઠાના દર્શનાર્થે

(૪૪) તા.૧૩-૧૨-૨૦૨૫ : સુરત ખાતે નવીન કાર્યાલયનો શુભારંભ

(૪૫) તા.૧૪-૧૨-૨૦૨૫ : મા ઉમિયાના મંદિર નિર્માણ ગર્ભગૃહમાં ગંગાજળથી ભરેલા ૧૦૮ કળશનું વિધિવત્ સ્થાપન

(૪૬) તા.૧૬-૧૨-૨૦૨૫ : સામાજિક - ૧૦૮ ટીમ દ્વારા ડે - નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ

(૪૭) તા.૨૦-૧૨-૨૦૨૫ : VIBES - આર્યભટ્ટ ચેપ્ટરનો શુભારંભ - નિકોલ , અમદાવાદ

(૪૮) તા.૨૧-૧૨-૨૦૨૫ : રથ પરિભ્રમણ સમાપન સમારોહ @ બોટાદ

(૪૯) તા.૨૩-૧૨-૨૦૨૫ : ઉમાછત્ર યોજના અંતર્ગત સદ્ગતના પરિવારજનોને આર્થિક સહાય

(૫૦) તા.૨૭-૧૨-૨૦૨૫ : નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ @ નરોડા

(૫૧) તા.૨૭-૧૨-૨૦૨૫ : VIBES અંજની ચેપ્ટરનો શુભારંભ - આણંદ ખાતે

(૫૨) તા.૨૮-૧૨-૨૦૨૫ : યુવા બિઝનેસ મહાસંમેલન

(૫૩) તા.૦૫-૦૧-૨૦૨૫ : શ્રી શૌનક ઋષિદાસ (યુ.કે.) વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

(૫૪) તા.૦૯-૦૧-૨૦૨૫ : માન.મંત્રીશ્રી ડો.મનસુખભાઈ માંડવીયા વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

(૫૫) તા.૦૯-૦૧-૨૦૨૬ : VPL ક્રિકેટ ટુર્નામેન્ટની ગ્રાન્ડ ફિનાલે

(૫૬) તા.૧૦-૦૧-૨૦૨૬ : એન.આર.આઈ. સ્નેહમિલન સમારોહ

(૫૭) તા.૨૬-૦૧-૨૦૨૬ : ગણતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ

(૫૮) તા.૨૮-૦૧-૨૦૨૬ : મહિલા સંગઠન પદભાર પત્ર એનાયત

(૫૯) તા.૦૧-૦૨-૨૦૨૬ : Vibes ના સિદ્ધિ વિનાયક ચેપ્ટરનો શુભારંભ @ મુંબઈ

(૬૦) તા.૧૧-૦૨-૨૦૨૬ : સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તેમજ રામા સિવિલ પ્રા.લી. સાથે બાંધકામ અંતર્ગત સંયુક્ત મીટિંગ

(૬૧) તા.૧૩-૦૨-૨૦૨૬ : Vibes - બિઝનેસ કોન્ક્લેવ ૨૦૨૬

(૬૨) તા.૧૫-૦૨-૨૦૨૬ : મહાશિવરાત્રી પર્વ પર શિવ-પાર્વતીના વિવાહની ઉજવણી

(૬૩) તા.૧૫-૦૨-૨૦૨૬ : હિંમતનગર ખાતે કર્મયોગી નેતૃત્વ સમારોહ

(૬૪) તા.૨૪-૦૨-૨૦૨૬ : શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ @ ઘુમા - બોપલ

(૬૫) તા.૨૮-૦૨-૨૦૨૬ : મા ઉમિયા મંદિરના ષષ્ઠમ્ પાટોત્સવની ઉજવણી

(૬૬) તા.૦૨-૦૩-૨૦૨૬ : હોળી પર્વ પર હોલિકા દહન કાર્યક્રમ

(૬૭) તા.૦૮-૦૩-૨૦૨૬ : પ્રાંતિજ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી

(૬૮) તા.૧૩-૦૩-૨૦૨૬ : યુવા સંગઠન મીટિંગ - સુરત

(૬૯) તા.૧૯/૨૭-૦૩-૨૦૨૬ : સુરત ખાતે શ્રીરામ કથાનું આયોજન

(૭૦) તા.૨૨-૦૩-૨૦૨૬ : વડોદરા ખાતે મા ઉમિયા આરતી - હનુમાન ચાલીસા પાઠ

(૭૧) તા.૨૨-૦૩-૨૦૨૬ : પાટડી રજવાડના ૨૮૬ માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

(૭૨) તા.૨૩-૦૩-૨૦૨૬ : હિંમતનગર ખાતે "VPL" ફાઈનલ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ

(૭૩) તા.૨૩-૦૩-૨૦૨૬ : RICPL - દિલ્હી કંપની દ્વારા બાંધકામ શુભારંભે પૂજા અર્ચના

(૭૪) તા.૨૬-૦૩-૨૦૨૬ : સિદ્ધપુર ખાતે "દિવ્યરથ - રામનવમી" નિમિત્તે ભવ્ય રેલી

(૭૫) તા.૨૬-૦૩-૨૦૨૬ : સુજાનપુર - પાટણ ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા - દિવ્યરથ પરિભ્રમણ સમારોહ

(૭૬) તા.૨૮-૦૩-૨૦૨૬ : "બેહદ" મુવીની સ્ક્રીનીંગ - અમદાવાદ તથા ભુજ

VUF ની વિવિધ કમિટીઓ દ્વારા થયેલ ઉત્તમ કામગીરી :

સંસ્થા દ્વારા સમાજલક્ષી, સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓનું સતત આયોજન કરવામાં આવે છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને સુવ્યવસ્થિત રીતે આગળ ધપાવવા માટે ૩૫ જેટલી વિવિધ કમિટીઓ હાલમાં કાર્યરત છે. આ તમામ કમિટીઓ સાથે જોડાયેલા કાર્યકર મિત્રો પોતાના વ્યવસાય, પરિવાર અને વ્યક્તિગત જવાબદારીઓ વચ્ચે સમય કાઢીને "સેવા પરમો ધર્મ"ના મંત્રને સાકાર કરી રહ્યા છે.

આ કાર્યકરોની સેવા માત્ર સમય આપવાની નથી, પરંતુ પોતાના અનુભવ, જ્ઞાન, કુશળતા અને શક્તિનો સંસ્થાના હિતમાં નિ:સ્વાર્થ ભાવથી વિનિયોગ કરવાની છે, તેમના યોગદાનને વ્યક્તિગત નામો સાથે નોંધવું કદાચ શક્ય ન હોય, પરંતુ સંસ્થાની દરેક સફળતા પાછળ આવા અસંખ્ય સમયદાતાઓ અને સેવાદાતાઓની નિ:સ્વાર્થ મહેનત રહેલી છે.

પોતાના વ્યવસાયમાંથી અમૂલ્ય સમય કાઢીને, કોઈ અપેક્ષા વિના સંસ્થાની પ્રવૃત્તિઓને વેગ આપતા તમામ કાર્યકર મિત્રો પ્રત્યે હૃદયપૂર્વકનો અહોભાવ અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.

આજે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને વૈશ્વિક સ્તરે જે વિશ્વાસ, પ્રતિષ્ઠા અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેમાં અર્થદાતાઓના યોગદાન જેટલું જ સમયદાતાઓ અને સેવાદાતાઓનું યોગદાન પણ અમૂલ્ય છે. આ તમામ મિત્રો સંસ્થાની સાચી શક્તિ છે અને તેમની નિ:સ્વાર્થ સેવા સંસ્થાના સંકલ્પોને સાકાર કરવાની સતત પ્રેરણા બની રહી છે તે માટે તમામનો આભારી છું.

મંદિર નિર્માણમાં પ્રોજેક્ટ પ્લાનીંગ - ડેવલપમેન્ટ કમિટીની સરાહનીય કામગીરી :

"ભવ્ય સંકલ્પને સાકાર કરવા માટે સુદૃઢ આયોજન, શ્રેષ્ઠ ટેકનિકલ માર્ગદર્શન અને નિષ્ણાતોની સમર્પિત સેવા અનિવાર્ય છે." આ વિચારને સાકાર કરતાં જગતજનની મા ઉમિયાના વિશ્વભરના ભક્તોની આસ્થાના કેન્દ્ર એવાવિશ્વ ઉમિયાધામના ભવ્ય મંદિર નિર્માણ કાર્યમાં પ્રોજેક્ટ પ્લાનિંગ અને ડેવલપમેન્ટ કમિટી દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.

મંદિરના નિર્માણ સાથે સંકળાયેલા વિવિધ ટેકનિકલ પાસાઓ, સ્ટ્રક્ચરલ ડિઝાઇન, પ્લાનિંગ, સાઈટ ડેવલપમેન્ટ, નિષ્ણાતોના અભિપ્રાયો, પિયર રિવ્યુ, બાંધકામની પ્રગતિ તથા ગુણવત્તા નિયંત્રણ જેવા અનેક વિષયો પર કમિટી દ્વારા સતત માર્ગદર્શન, સમીક્ષા અને મોનિટરિંગ કરવામાં આવે છે.

આ કામગીરી માટે જરૂરી અનુભવ અને નિષ્ણાત જ્ઞાન ધરાવતા અનેક સેવાભાવી મિત્રો પોતાના વ્યવસાયિક જીવનની વ્યસ્તતામાંથી સમય કાઢીને કોઈપણ અપેક્ષા વિના મા ઉમિયાના આ પવિત્ર કાર્યમાં જોડાયા છે. પોતાના ક્ષેત્રમાં વર્ષોનો અનુભવ ધરાવતા આ નિષ્ણાતો દ્વારા આપવામાં આવતું માર્ગદર્શન સંસ્થા માટે અમૂલ્ય છે.

આ કમિટીમાં પ્લાનિંગ એન્ડ ડીઝાઈન કમિટીના ચેરમેન શ્રી સુરેશભાઈ એમ. પટેલ, સ્ટ્રક્ચર પીયર રીવ્યુ કન્સલ્ટન્ટની સેવા આપતા શ્રી વત્સલભાઈ પટેલ (સેતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના) શ્રી જે. પી. પટેલ, ગુજરાત સરકારમાંથી નિવૃત્ત થયેલા સિંચાઈ ખાતાના કાર્યપાલક ઈજનેર શ્રી અતુલભાઈ ભાવસાર, શ્રી દિનેશભાઈ એમ. પટેલ (દીપ બિલ્ડર્સ ગ્રુપ), સાઈટ ઈન્ચાર્જ શ્રી મનોજભાઈ કણસાગરા (નિવૃત્ત કાર્યપાલક ઈજનેર) તેમજ પી.એમ.સી.ના પ્રોજેક્ટ મેનેજરશ્રી રાજીવ ગુપ્તા તેમજ તેમની તમામ ટીમના સભ્યોની વિશિષ્ટ કામગીરી બદલ તમાને અભિનંદન પાઠવી બિરદાવું છું.

યુ.એસ.એ. - કેનેડા - યુ.કે. - આફ્રિકા - ઓસ્ટ્રેલિયા - ન્યુઝીલેન્ડ વિગેરે દેશોમાં સંસ્થાનું સંગઠન

જગતજનની મા ઉમિયાની આસ્થા, સંસ્કાર અને સેવા ભાવનાને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવાના સંકલ્પ સાથે સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં સંગઠનને વધુ સુદૃઢ અને સક્રિય બનાવવાની કામગીરી સતત આગળ ધપી રહી છે. ગુજરાતના ગામડાથી લઈને તાલુકા, શહેર અને મહાનગર સુધી તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, દિલ્હી સહિતના વિવિધ રાજ્યોમાં સામાજિક, મહિલા અને યુવા એમ ત્રણેય પાંખનું સુવ્યવસ્થિત સંગઠન ઊભું કરવામાં આવ્યું છે.

વિદેશમાં પણ સંસ્થાની કામગીરીને વ્યાપક બનાવવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. યુ.એસ.એ.ના ૩૧ રાજ્યો, કેનેડાના ૧૦ પ્રાંતો ઉપરાંત યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સહિતના દેશોમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનનું સંગઠન સક્રિયપણે કાર્યરત બન્યું છે. આ વૈશ્વિક સંગઠન માત્ર સંસ્થાકીય જોડાણ પૂરતું સીમિત ન રહેતાં, પરસ્પર સહયોગ, સેવા અને સંવેદનાની જીવંત કડી બની રહ્યું છે.

વિશેષ કરીને વિદેશમાં અભ્યાસ, રોજગાર કે વ્યવસાય અર્થે જતા ગુજરાતી ભાઈ-બહેનોને શરૂઆતના તબક્કે રહેવા, જમવા, માર્ગદર્શન અને સ્થાનિક વ્યવસ્થા ઊભી કરવામાં મદદરૂપ થતું આ સેવાકાર્ય અત્યંત પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. વિદેશની ધરતી પર પણ "કોઈ ગુજરાતી એકલો નથી" એવી લાગણી સાથે એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બનવાની આ ભાવના વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સંગઠનની સાચી તાકાત છે.

દેશ-વિદેશમાં સંગઠનના વિસ્તરણ માટે સમય, શક્તિ, અનુભવ અને સંસાધનોનું સમર્પણ કરી નિ:સ્વાર્થ સેવા આપતા તમામ કાર્યકર ભાઈ-બહેનોએ મા ઉમિયાની કૃપાથી વૈશ્વિક સંગઠનના માધ્યમથી સંસ્કાર, એકતા તથા સમાજ ઉત્થાનની ભાવનાને વિશ્વભરમાં વધુ પ્રસ્થાપિત કરવામાં જે સહયોગ આપેલ છે તે માટે તેમની સમર્પિત ભાવનાને બિરદાવી અભિનંદન પાઠવું છું.

સંસ્થાના હોદ્દેદારશ્રીઓ - દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ દાતાશ્રીઓનો અમૂલ્ય સહયોગ :

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ભવ્ય અને વિરાટ યાત્રા કોઈ એક વ્યક્તિના પ્રયત્નોનું પરિણામ નથી; પરંતુ આ સંસ્થા સાથે જોડાયેલા દાતાશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યકર મિત્રો અને અસંખ્ય સેવાભાવી પરિવારોના સંકલ્પ, સમર્પણ અને સહયોગનું જીવંત પરિણામ છે. સંસ્થાની દરેક સિદ્ધિ પાછળ આપ સૌનો આર્થિક સહયોગ, નિઃસ્વાર્થ સેવા, સમય, શક્તિ, જ્ઞાન અને સંસાધનોનું અમૂલ્ય યોગદાન રહેલું છે.

સંસ્થાના સૌથી મોટા ગૌરવવંતા લક્ષ્મીદાતાશ્રી સ્વ. શ્રી નારણકાકા, શ્રી મંગળકાકા, શ્રી નવિનભાઈ, શ્રી અજીતભાઈ, શ્રી દિલીપભાઈ પટેલ તેમજ પરિવાર તરફથી સંસ્થામાં રૂા. ૬૨ કરોડનું અમૂલ્ય યોગદાન જે જાહેર કરેલ છે તે ખરેખર અવિસ્મરણીય, અત્યંત ગૌરવ અને અન્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. તેમના પરિવારની ઉદારતા માત્ર આર્થિક સહયોગ પૂરતી સીમિત નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી, સેવાભાવ અને સંસ્થાના સંકલ્પ પ્રત્યેની અડગ શ્રદ્ધાનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમના આ સમર્પણ અને પ્રોત્સાહનને પણ હું હૃદયપૂર્વક આભારની લાગણી વ્યકત કરું છું. જગતજનની મા ઉમિયા તેમને તથા તેમના સમગ્ર પરિવારને સદૈવ સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને યશ પ્રદાન કરે અને સમાજસેવાના આ પવિત્ર માર્ગે તેમની પ્રેરણા અનેક પરિવારો સુધી પહોંચતી રહે તેવી પ્રાર્થના.

સંસ્થાના દાતાશ્રીઓએ માત્ર આર્થિક સહયોગ આપ્યો નથી, પરંતુ પોતાની શ્રદ્ધાને સંકલ્પમાં અને સંકલ્પને સમાજ સેવામાં પરિવર્તિત કર્યો છે. કોઈએ પોતાની મહેનતની કમાણીમાંથી અર્થદાન કર્યું છે, કોઈએ અમૂલ્ય સમય ફાળવ્યો છે, તો કોઈએ પોતાના જ્ઞાન, અનુભવ, વ્યવસાયિક કુશળતા અને માર્ગદર્શન દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓને નવી દિશા આપી છે. આ તમામ સહયોગી શક્તિઓ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સાચી મૂડી અને શક્તિ છે.

આપ સૌના સહયોગથી આજે વિશ્વ ઉમિયા ફાઉન્ડ માત્ર એક સંસ્થા નથી રહી, પરંતુ સમાજની આશા, આસ્થા, એકતા અને સેવા-ચેતનાનું એક વિશાળ કેન્દ્ર બની રહી છે. મા ઉમિયાના મંદિર નિર્માણ જેવા ભવ્ય સંકલ્પ સાથે શિક્ષણ, આરોગ્ય, રોજગાર, યુવા વિકાસ, મહિલા સશક્તિકરણ, રમતગમત, સંસ્કાર અને સમાજસેવાના અનેક ક્ષેત્રોમાં સંસ્થા સતત આગળ વધી રહી છે તેની પાછળ આપ સૌની અવિરત શક્તિ રહેલી છે.

વધુમાં, વર્ષ દરમિયાન સંસ્થાની વિવિધ કામગીરીમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મદદરૂપ થનાર ભારતના માન. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી, રાજ્ય સરકારના તમામ મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સરકારી ખાતાના જે તે અધિકારીશ્રીઓ, સમાજશ્રેષ્ઠીશ્રીઓ, શૈક્ષણિક - ધાર્મિક સંસ્થાના સંચાલકશ્રીઓ, પ્રિન્ટ મીડિયા અને ટી.વી. મીડિયાના તમામ મિત્રો પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

આવા તમામ દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યકર મિત્રો તથા સેવાભાવી પરિવારો પ્રત્યે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આપ સૌના સહયોગ અને સમર્પણને શબ્દોમાં વ્યક્ત કરવું ખરેખર અશક્ય છે. આપ સૌના સહયોગ બદલ હું હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

વ્હાલા બંધુઓ, સમગ્ર અહેવાલને અવશ્ય વાંચશો જેથી આપશ્રીને ખ્યાલ આવશે કે આપણી સંસ્થા અનેકવિધ પ્રવૃત્તિઓ અવિરતપણે કરતી હોય છે. આ માટે સંસ્થાને જેટલી જરૂર અર્થદાતાઓની છે તેટલી જ જરૂર સમયદાતાઓની પણ છે, માટે જે મિત્રો સેવા અને સમર્પણની ભાવના સાથે સંસ્થામાં જોડાવાની ઈચ્છા ધરાવતા હોય તેમને સંસ્થામાં કાર્યરત થવા મારી નમ્ર વિનંતી છે.


અંતમાં, તા. ૦૯ નવેમ્બર - ૨૦૨૬ થી શરૂ થતાં હિન્દુ ધર્મના મહાન પર્વ - નવરાત્રિ, દીપાવલિ અને નૂતનવર્ષનો સૂર્યોદય આપણા પરિવારો માટે સુખ - શાંતિ - સમૃદ્ધિ અને ફળદાયી નીવડે તથા જગતજનની મા ઉમિયાની કૃપાદૃષ્ટિ હરહંમેશ સમાજ ઉપર બની રહે તેવી પ્રાર્થના કરું છું.

❖ ❖ ❖

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના હોદ્દેદારશ્રીઓ



આર. પી. પટેલ
પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી
(પ્લેટીનમ દાતાશ્રી)



પ્રહલાદભાઈ એ. પટેલ
ઉપપ્રમુખશ્રી
(ગોલ્ડન ભામાશા દાતાશ્રી)



રૂપેશભાઈ બી. પટેલ
મહામંત્રીશ્રી
(ડાયમંડ દાતાશ્રી)



દીપકભાઈ એમ. પટેલ
ઉપપ્રમુખશ્રી
(ભામાશા દાતાશ્રી)



ડી. એન. ગોલ
ઉપપ્રમુખશ્રી
(સિલ્વર દાતાશ્રી)



કાન્તિભાઈ એન. પટેલ
ખજાનચીશ્રી
(ગોલ્ડન ભામાશા દાતાશ્રી)



વી. પી. પટેલ - USA
ઉપ પ્રમુખશ્રી
(પ્લેટીનમ દાતાશ્રી)



વાડીભાઈ પી. પટેલ
ઉપપ્રમુખશ્રી
(પ્લેટીનમ દાતાશ્રી)



નવિનભાઈ એમ.પટેલ
ઉપપ્રમુખશ્રી
(લક્ષ્મી દાતાશ્રી)



દામોદરભાઈ બી.ભાવાણી
મંત્રીશ્રી
(પ્લેટીનમ દાતાશ્રી)



ત્રંબકભાઈ એસ. ફેફર
મંત્રીશ્રી
(પ્લેટીનમ દાતાશ્રી)

USA - સેન્ટ્રલ કમિટી



વિજયભાઈ વી. પટેલ - ટેમ્પા
વાઈસ ચેરમેનશ્રી



વી. પી. પટેલ
ઉપપ્રમુખશ્રી - VUF એવં મેન્ટરશ્રી



દિનેશ સી.પટેલ (ડેની)
મહામંત્રીશ્રી



અતુલભાઈ પી. પટેલ - ન્યુજર્સી
વાઈસ ચેરમેનશ્રી



જે. પી. પટેલ - શિકાગો
ચેરમેનશ્રી



અનિતાબેન એસ.પટેલ
વાઈસ ચેરમેનશ્રી



ભરતભાઈ પટેલ - સવાના
વાઈસ ચેરમેનશ્રી



અરવિંદભાઈ જી. પટેલ
ચેરમેનશ્રી - VUF, N.R.I કમિટી

VUF - CENTRAL TEAM - INDIA



ડી. એન. ગોલ
ચેરમેનશ્રી
સામાજિક સંગઠન



ડો. રૂપલબેન એ. પટેલ
ચેરપર્સનશ્રી
મહિલા સંગઠન



જીતુભાઈ બી. પટેલ
ચેરમેનશ્રી
યુવા સંગઠન

OFFICE BEARERS - VUF - CANADA



રજનીકાંત જે.પટેલ
કો-ઓર્ડિનેટરશ્રી
(સિલ્વર દાતાશ્રી)



ગોવિંદભાઈ એમ. પટેલ
ચેરમેનશ્રી
(ગોલ્ડન દાતાશ્રી)



સંજયભાઈ પટેલ
ચેરમેનશ્રી
યુથ કમિટી



કિન્નરીબેન દેસાઈ
ચેરપર્સનશ્રી
મહિલા વીંગ

VUF - UK



ચિંતન જે. પનારા
ચેરમેનશ્રી



કેપ્ટન અરૂણ કર (Retd.)
કન્વીનરશ્રી



રશેષ પટેલ
ચેરમેનશ્રી - ઇંગ્લેન્ડ ઈસ્ટ ઝોન

VUF - KENYA



સૂર્યકાંતભાઈ બી. ચલ્લા
પ્રભારીશ્રી



દક્ષેશભાઈ આર. પટેલ
મહામંત્રીશ્રી



જીતુભાઈ કે. વાડિયા
કો-ચેરમેનશ્રી

VUF - UGANDA



ભુદરભાઈ એન. પટેલ - ચેરમેનશ્રી

VUF - NEW ZEALAND



સંકેત પટેલ - ચેરમેનશ્રી

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ / હોદ્દેદારશ્રીઓ

પ્રમુખશ્રી

આર. પી. પટેલ

ઉપપ્રમુખશ્રી

પ્રહલાદભાઈ એ. પટેલ
ડી. એન. ગોલ
નવિનભાઈ એમ. પટેલ
દિપકભાઈ એમ. પટેલ
વાડીભાઈ પી. પટેલ
વી. પી. પટેલ - USA

મહામંત્રીશ્રી

રૂપેશભાઈ બી. પટેલ

ખજાનચીશ્રી

કાન્તિભાઈ એન. પટેલ

મંત્રીશ્રી

દામોદરભાઈ બી. ભાવાણી
ગંભકભાઈ એસ. ફેફર

સભ્યશ્રીઓ / કોપ્ટ સભ્યશ્રીઓ

અજીતભાઈ એન. પટેલ
ત્રિકમભાઈ જે. પટેલ
બાબુભાઈ એન. પટેલ
સંજયભાઈ આર. પટેલ
સી. કે. પટેલ
જે. પી. પટેલ
પ્રવિણભાઈ એ. પટેલ
નીતિનભાઈ આર. પટેલ
ઉદયભાઈ સી. પટેલ
જયેશભાઈ કે. પટેલ
સુરેશભાઈ એમ. પટેલ
બાબુભાઈ જે. પટેલ
વિજયભાઈ વી. પટેલ
અજીતભાઈ એમ. પટેલ
અનિલભાઈ વિ. પટેલ
દર્શનભાઈ એન. પટેલ
રાજેશભાઈ એ. પટેલ
અરવિંદભાઈ જી. પટેલ
સાંકળચંદભાઈ સી. પટેલ
જેરામભાઈ વાંસજાળીયા
દિનેશભાઈ સી. પટેલ
પ્રવિણભાઈ બી. પટેલ
રમેશભાઈ પી. પટેલ
નરેન્દ્રભાઈ કે. પટેલ
આનંદભાઈ એ. પટેલ
ડો. પ્રભુદાસ આઈ. પટેલ
મગનભાઈ એચ. જાવીયા
રસિકભાઈ એ. પટેલ
આર. એસ. પટેલ
અતુલભાઈ પી. પટેલ



જગતજનની મા ઉમિયાના નવનિર્મિત મંદિર નિર્માણની ઝલક...

VUF કારોબારી કમિટીના સભ્યશ્રીઓ

(૧) કાયમી ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ (૨) પ્લેટીનમ + ઉપરની કેટેગરીના સભ્યશ્રીઓ

(૩) કાયમી ટ્રસ્ટી મંડળે કારોબારીમાં નિયુક્ત કરેલ નીચેના સભ્યશ્રીઓ

• ગોલ્ડન દાતાશ્રી :

કિરીટભાઈ ડી. પટેલ	-	અમદાવાદ	દિપાબેન સોમાભાઈ પટેલ (કામેશ્વર)	-	અમદાવાદ
રમેશભાઈ જે. પટેલ	-	અમદાવાદ	ભગવાનભાઈ કે. પટેલ	-	અમદાવાદ
અમિતભાઈ એસ. પટેલ	-	અમદાવાદ	જયેશકુમાર પ્રભુદાસ પટેલ	-	અમદાવાદ
કાંતિભાઈ સી. પટેલ	-	સુરત			

• સિલ્વર દાતાશ્રી :

અમરતભાઈ કચરાભાઈ પટેલ	-	અમદાવાદ	સાંકળચંદભાઈ સી. પટેલ	-	અમદાવાદ
દિનેશભાઈ માણેકલાલ પટેલ	-	અમદાવાદ	અમૃતભાઈ છગનલાલ પટેલ	-	અમદાવાદ
કાંતિભાઈ ઈશ્વરલાલ પટેલ	-	અમદાવાદ	જયેશભાઈ ચંદુભાઈ પટેલ	-	અમદાવાદ
કિશોરભાઈ વિરજીભાઈ વિરમગામા	-	અમદાવાદ	સુરેશભાઈ રણછોડભાઈ પટેલ	-	અમદાવાદ
કમલેશભાઈ ભગુભાઈ પટેલ	-	અમદાવાદ	નવીનચંદ્ર અમૃતલાલ પટેલ	-	અમદાવાદ
ચતુરભાઈ રેવાભાઈ પટેલ	-	અમદાવાદ	દેવેન્દ્રભાઈ પોપટલાલ પટેલ	-	અમદાવાદ
હરીષભાઈ ભાનુભાઈ પટેલ	-	અમદાવાદ	જયંતિભાઈ આત્મારામભાઈ પટેલ	-	અમદાવાદ
ચત્રભુજ મોતીલાલ પટેલ	-	અમદાવાદ	મહેન્દ્રભાઈ લાલજીભાઈ પટેલ	-	અમદાવાદ
વિષ્ણુભાઈ કાલીદાસ પટેલ	-	અમદાવાદ	બિપીનભાઈ એન. પટેલ	-	અમદાવાદ
હર્ષદભાઈ મગનલાલ પટેલ	-	અમદાવાદ	મેહુલભાઈ નાગરભાઈ પટેલ	-	અમદાવાદ
ધીરજલાલ કરશનદાસ પટેલ	-	અમદાવાદ	કરશનભાઈ ગાંડાલાલ પટેલ	-	અમદાવાદ
કાશીરામભાઈ શંકરદાસ પટેલ	-	અમદાવાદ	પંકજકુમાર જોઈતારામ પટેલ	-	અમદાવાદ
ઈશ્વરલાલ શિવદાસ પટેલ	-	અમદાવાદ	બાબુભાઈ કચરાદાસ પટેલ	-	અમદાવાદ
કનૈયાલાલ સોમદાસ પટેલ	-	અમદાવાદ	દિનેશકુમાર લાલભાઈ પટેલ	-	અમદાવાદ
દિપકભાઈ કનુભાઈ પટેલ	-	અમદાવાદ	નરેન્દ્રભાઈ જીવણલાલ પટેલ	-	અમદાવાદ
રાજેશકુમાર ખોડાભાઈ પટેલ	-	અમદાવાદ	ધર્મેશભાઈ કાલીદાસ પટેલ	-	અમદાવાદ
કમલેશભાઈ દશરથભાઈ પટેલ	-	અમદાવાદ	રમણીકભાઈ બેચરભાઈ પટેલ	-	અમદાવાદ
